dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue - 65 | AD - 2024, Magashirsha Sud - 07 | Sunday, Dt.08-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page - 08 Price : Rs.3-00

## બાબરી મસ્જિદ ધ્વંસ પર યુબીટીના વલણને કારણે એમવીએ છોડવાનો નિર્ણય : મહારાષ્ટ્ર સપા પ્રમુખ અબુ આઝમી

# મહાવિકાસ અઘાડીને આંચકો : સમાજવાદી પાર્ટીએ ગઠબંધન તોડ્યુ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૭



મહારાષ્ટ્રમાં ચૂંટણી પરિણામોમાં મહાયુતિની ભવ્ય જીત બાદ વિપક્ષી ગઠબંધનમાં તિરાડ દેખાવા લાગી છે. મહા વિકાસ અઘાડીનો ભાગ બનેલી સમાજવાદી પાર્ટીએ હવે ગઠબંધન છોડવાનો નિર્ણય લીધો છે. મહારાષ્ટ્ર સપાના વડા અબુ આઝમીએ શનિવારે જણાવ્યું હતું કે બાબરી મસ્જિદ ધ્વંસ પર શિવસેના-ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના વલણને કારણે તેમની પાર્ટીએ એમવીએ છોડવાનો નિર્ણય કર્યો છે. અબુ આઝમીએ કહ્યું કે અમને મહા વિકાસ અઘાડીમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યા છે. એમવીએમાં અમારું અપમાન થયું અને અમે તે પણ સહન કર્યું. પરંતુ ચૂંટણી હાર્યા બાદ ઉદ્ધવ ઠાકરે હવે હિન્દુત્વનો એજન્ડા લઈ રહ્યા છે. ૬ ડિસેમ્બરે બાબરી ધ્વંસની વર્ષગાંઠ ઉજવવામાં આવે છે. અમે આ સહન કરી શકતા નથી. અમે એમવીએમાં રહી શકતા નથી. અખિલેશ યાદવ પણ મારી સાથે સહમત થશે. ઈવીએમ મુદ્દાને ટાંકીને એમવીએ ધારાસભ્યોએ આજે શપથ ન લીધા પર, મહારાષ્ટ્ર સમાજવાદી પાર્ટીના વડા અબુ આઝમી કહે છે કે અમારે તેની સાથે શું કરવાનું છે. હું એમ પણ સૂચન કરું છું કે જો લોકોને શંકા છે કે ઈવીએમ સાથે છેડછાડ કરવામાં આવી છે, તો બધાએ સામૂહિક રીતે તેમને ચૂંટણીમાંથી દૂર કરવા જોઈએ. વાસ્તવમાં એમવીએ ધારાસભ્યોએ આજે ધારાસભ્ય તરીકે શપથ લીધા ન હતા અને ઈવીએમ ગરબડનો આરોપ લગાવ્યો હતો. પરંતુ એમવીએ સાથે ચૂંટણી લડનારા સમાજવાદી પાર્ટીના બંને ધારાસભ્યો અબુ આઝમી અને રઈસ શેખે ધારાસભ્ય તરીકે શપથ લીધા હતા. સપાના ધારાસભ્યોનું કહેવું છે કે એવું લાગે છે કે એમવીએ માત્ર ત્રણ પક્ષોનું ગઠબંધન છે. નાના પક્ષોનું સન્માન કરવામાં આવતું નથી. તેથી, અમે નિર્ણય લીધો છે કે અમે એમવીએનો ભાગ નહીં બનીએ. સપાના ધારાસભ્ય રઈસ શેખે કહ્યું કે અમને એમવીએ તરફથી કોઈ માહિતી આપવામાં આવી નથી કે આજે શપથ લેવાના નથી. અબુ આઝમીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટીએ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચારનો વિરોધ કરવો જ જોઈએ, પરંતુ ભારતમાં મુસ્લિમો પર અત્યાચાર, મસ્જિદો તોડી નાખવામાં આવી રહી છે, મુસ્લિમોને મારવામાં આવી રહ્યો છે. તેની પણ વાત ભાજપ કરે છે. અબુ આઝમીએ એમ પણ કહ્યું હતું કે, હું કોઈ ધમકી આપી રહ્યો નથી. અમારી પાસે બે ધારાસભ્યો છે, તેઓ કેવી રીતે ધમકી આપી શકે અને શું વિપક્ષ પાસે એટલી સંખ્યા છે કે અમારી હટી જવાથી સરકાર પડી જશે? સમાજવાદી પાર્ટી એક વિચારધારા પર ચાલે છે. તે બિનસાંપ્રદાયિકતા પર ચાલે છે. એક ચૂંટણી થઈ અને સપાની ક્યારેય ગણતરી થઈ નહીં. ફોન કરીને બેઠક વ્યવસ્થા અંગે વાત કરી ન હતી. અમે જાતે જ ફોન કર્યો. અમે સાંભળ્યું છે કે જ્યાં સપાના ધારાસભ્ય હશે ત્યાં ટિકિટ આપવામાં આવશે. આ પછી ત્યાં પણ ઉમેદવાર ઉભા રાખતા ખળભળાટ મચી ગયો હતો. અબુ આઝમીએ એમવીએ છોડવાના નિર્ણય પર કહ્યું, કે શિવસેના-યુબીટી દ્વારા અખબારમાં એક જાહેરાત આપવામાં આવી હતી જેમાં તેણે બાબરી મસ્જિદના ધ્વંસમાં સામેલ લોકોને અભિનંદન આપ્યા હતા. તેમના (ઉદ્ધવ ઠાકરેના) નજીકના લોકો પણ એકસ પર પોસ્ટ કર્યું અને મસ્જિદના વિધ્વંસનું સ્વાગત કર્યું.તેમણે કહ્યું, એટલે જ અમે મહા વિકાસ અઘાડી છોડી રહ્યા છીએ. હું સપા પ્રમુખ અખિલેશ યાદવ સાથે વાત કરી રહ્યો છું. તમને જણાવી દઈએ કે શિવસેના-યુબીટી નેતા મિલિંદ નાર્વેકરે તાજેતરમાં જ પોતાના એકસ એકાઉન્ટ પર બાબરી મસ્જિદના ધ્વંસ સંબંધિત એક તસવીર પોસ્ટ કરી હતી. તેમાં બાળ ઠાકરેનું નિવેદન પણ સામેલ હતું - 'જેઓએ આ કર્યું તેના પર મને ગર્વ છે'. આ સાથે શિવસેના સેક્રેટરીએ આ પોસ્ટમાં ઉદ્ધવ ઠાકરે, આદિત્ય ઠાકરે અને પોતાની તસવીરોનો પણ ઉપયોગ કર્યો હતો.

## ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી તો દક્ષિણ ભારતમાં વરસાદની આગાહી

નવીદિલ્હી,તા.૭



ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં હવામાનની પેટર્ન બદલાઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક દરમિયાન પંજાબ અને હરિયાણામાં હળવા વરસાદની સંભાવના છે. વાસ્તવમાં ૮ ડિસેમ્બરથી મેદાની વિસ્તારોને તાજા પશ્ચિમી વિક્ષેપની અસર થઈ શકે છે. જેના કારણે હિમાલયના ક્ષેત્રમાં હિમવર્ષા અને કેટલાક રાજ્યોમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે સપ્તાહ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતના ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ધીમે ધીમે ઘટાડો થવાની આગાહી કરી છે. જેના કારણે ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તર રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં ઠંડીનું મોજું જોવા મળી શકે છે.

### હરિયાણા અને મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીમાં થયેલી હારથી નારાજગી વ્યક્ત કરી

## 'ઈન્ડીયા' ગઠબંધનની કમાન મને સોંપો : મમતા બેનર્જી

કોલકાત્તા,તા.૦૭



પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હરિયાણા-મહારાષ્ટ્ર અને પેટાચૂંટણીમાં INDIA બ્લોકના ખરાબ પ્રદર્શન પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'મેં INDIA ગઠબંધન બનાવ્યું. જેઓ તેનું નેતૃત્વ કરે છે તેઓ એને યોગ્ય રીતે ચલાવી શકતા નથી, તેથી મને એક તક આપો. હું બંગાળમાંથી જ ગઠબંધનનું નેતૃત્વ કરવા તૈયાર છું. મમતા બેનર્જીના નિવેદનને શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉત અને સમાજવાદી પાર્ટી (SP) એ સમર્થન આપ્યું છે. રાઉતે શનિવારે કહ્યું, 'અમે પણ ઈચ્છીએ છીએ કે તે વિપક્ષી INDIA ગઠબંધનની મુખ્ય ભાગીદાર બને. મમતા બેનર્જી હોય, અરવિંદ કેજરીવાલ હોય કે શિવસેના, આપણે બધા સાથે છીએ. અમે ટૂંક સમયમાં મમતા બેનર્જી સાથે વાત કરવા કોલકાતા જઈશું.







## મહારાષ્ટ્રના વિશેષ સત્રમાં ફડણવીસ, શિંદે અને પવારે ધારાસભ્ય તરીકે શપથ લીધા

મુંબઈ,તા.૭



મહારાષ્ટ્રમાં નવી વિધાનસભાની રચના કરવામાં આવી છે. નવી રચાયેલી ૨૮૮ સભ્યોની વિધાનસભાનું ત્રણ દિવસીય વિશેષ સત્ર શનિવાર, ૭ ડિસેમ્બરથી શરૂ થયું હતું. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભા સત્રના પહેલા દિવસે ગૃહના સભ્ય તરીકે શપથ લીધા. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારે પણ વિધાનસભાના સભ્યો તરીકે શપથ લીધા હતા.

બપોરે ૧૧ વાગે ગૃહની કાર્યવાહી શરૂ થઈ. આ પછી તરત જ, વિધાનસભાના પ્રોટેમ સ્પીકર કાલિદાસ કોલંબકરે ત્રણેય નેતાઓને ધારાસભ્ય તરીકેના શપથ લેવડાવ્યા હતા. પ્રોટેમ સ્પીકર ભાજપના વરિષ્ઠ ધારાસભ્ય છે. રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણને તેમને પ્રોટેમ સ્પીકર એટલે કે અસ્થાયી પ્રમુખ તરીકે શપથ લેવડાવ્યા હતા.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૦૮-૧૨-૨૦૨૪

# લીલીયા મોટાની વર્ષો જૂની સમસ્યાનો આવશે અંત, ભૂગર્ભ ગટરનું કામ શરૂ

લીલીયામોટા,તા.૦૭

લીલીયામોટા ગામની વર્ષો જૂની સમસ્યાનો અંત આવતો દેખાય છે. ગામના ભૂગર્ભ ગટરના કામનું ભૂમિ પૂજન સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ લગભગ ૧૧ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ થશે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગામની આ સમસ્યાને ગંભીરતાથી લીધી હતી અને સાંસદ ભરતભાઈ સુતરીયા અને વહીવટી તંત્ર સાથે મળીને આ પ્રોજેક્ટને મંજૂર કરાવ્યો છે. આ પ્રોજેક્ટમાં ચાર પંપિંગ સ્ટેશન અને મુખ્ય ગટરનું નવીનીકરણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ગામની ગટર સમસ્યાનું કાયમી નિરાકરણ આવી જશે. લીલીયા ગામના સરપંચ જીવનભાઈ વોરાએ ધારાસભ્ય કસવાલા અને સાંસદ સુતરીયાનું સ્વાગત કર્યું હતું અને આ પ્રોજેક્ટ માટે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સારા અને ગુણવત્તાવાળા કામ માટે T.D.O અને પદાધિકારીઓની સંયુક્ત કમિટીની રચના કરવાનું સૂચન કર્યું હતું. ધારાસભ્ય કસવાલાએ ગામના લોકોને કહ્યુ હતું કે આવતા દસ દિવસમાં ગટરનું કામ શરૂ થઈ જશે. તેમણે ગામના લોકોને પક્ષાપક્ષીથી દૂર રહીને આ યોજનાનો લાભ લેવા માટે અપીલ કરી હતી. આ પ્રોજેક્ટથી લીલીયા ગામના લોકોને સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ મળશે.



# ખાંભાથી જતા વિવિધ રોડ બિસ્માર હાલતમાં

ખાંભા, તા.૦૭

ખાંભામાંથી વિવિધ તાલુકામાં જવાના રોડ બિસ્માર હાલતમાં હોવાની ફરિયાદો ઉઠી છે. ખાંભા-સાવરકુંડલા રોડ મગરની પીઠ સમાન છે, જ્યાં એક એક ફૂટ ખાડા જોવા મળે છે. ખાંભા-થોરડી રોડ પર મોટી સંખ્યામાં લોંડીગ વાહનો પસાર થતાં હોવાથી ત્યાં પણ ડામર વગરના રોડ છે, આથી ખેડૂતો પણ પરેશાન થાય છે, આ અંગે વારંવાર રજુઆત કરવામાં આવી છે તો પણ કંઈ પરિણામ મળતું નથી. ધારાસભ્યને રજૂઆત કરવા છતાં રસ્તા નામે કોઈ કાર્યવાહી થતી નહીં હોવાની ફક્ત વચન આપે છે તેવી ફરિયાદ થઈ રહી છે. આવા ખરાબ રસ્તાના કારણે ઘણીવાર ગર્ભવતી મહિલાને રસ્તામાં જ પ્રસૂતિ થઈ જાય છે.જેથી લોકોની માગણી છે કે, તંત્ર જાગે અને વહેલી તકે રોડ બનાવે.



# જીરા ખાતે "વિઠ્ઠલરાય સરોવર તળાવ" નિર્માણ માટે બેઠક મળી

અમરેલી,તા.૦૭



લાઠીના જીરા ગામે કૃષ્ણ ગૃપ દ્વારા "વિઠ્ઠલરાય સરોવર તળાવ" નિમાર્ણ માટે સુરતના હરે કૃષ્ણના સ્વયંસેવક અને અનેક તળાવોનું નિમાર્ણ કરનાર સજીવભાઈ ધોળકિયા સાથે બેઠક મળી હતી. જેમાં તળાવ નિમાર્ણ કાર્યમાં સહયોગ આપવાની ખાતરી આપી હતી. આ તકે હિંમતભાઈ દેસાઈ અને પરેશભાઈ ડોબરીયા ખોડીદાસભાઈ શેખડા, કાનજીભાઈ કોલડીયા બાબુભાઈ જીરાવાળા તથા ધર્મેશભાઈ ચોડવડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયામાં ૧૩૨ વિદ્યાર્થિનીઓને સાયકલ વિતરણ, સરસ્વતી યોજનાનો મળ્યો લાભ

લીલીયા, તા.૦૭

લીલીયા ખાતે આવેલી શ્રીમતી શાંતાબેન કન્યા વિધાલયમાં રાજ્ય સરકારની સરસ્વતી સાયકલ યોજના અંતર્ગત ધોરણ-૯ માં અભ્યાસ કરતી ૧૩૨ વિદ્યાર્થિનીઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને જનકભાઈ તળાવીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ અરૂણભાઈ પટેલે આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને સંસ્થાની પ્રગતિ અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે સંસ્થાના નિયામક બાબુભાઈ ધામત, ટ્રસ્ટી મનસુખભાઈ ચોપડા, ધીરૂભાઈ ઉમરેઠીયા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, સહિતના મહાનુભાવો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા રંજનબેન રાદડિયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ કર્મચારીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.



# બાબરા હોમગાર્ડ યુનિટ દ્વારા હોમગાર્ડ સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

બાબરા, તા.૦૭

બાબરા હોમગાર્ડ યુનિટમાં જિલ્લા કમાન્ડર મહેતા અને સ્ટાફ દ્વારા ૬ ડિસેમ્બરના રોજ હોમગાર્ડના ૭૮મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન યુનિટ દ્વારા પ્રભાતફેરી, સફાઈ, વૃક્ષારોપણ તેમજ યુનિટ કચેરી બાબરમાં સત્યનારયણ ભગવાનની કથા કરવામાં આવી હતી. આ અવસરે જિલ્લા કમાન્ડર તથા યુનિટ અધિકારી એચ.પી.ખાચર તેમજ બાબરા હોમગાર્ડ યુનિટના તમામ હોમગાર્ડ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



# જીરા ગામે આયુષ્યમાન વય વંદના કાર્ડનો કેમ્પ યોજાયો

**કેમ્પનો આજુ-બાજુ અનેક ગામના લોકોએ ભાગ લોધો**

સાવરકુંડલા, તા.૦૭



સાવરકુંડલા તાલુકાના જીરા ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને આયુષ્યમાન વયવંદના કાર્ડ કાઢવાનો કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનો જીરા ઉપરાંત આસપાસના સિમરણ, બોરાળા, ભમોદ્રા, ઓળીયા, કરજાળા, ચરખડિયા સહિત આસપાસના ગામોના વડીલોએ લાભ લીધો હતો. જેમાં વિસ્તારના તમામ વરિષ્ઠ નાગરિકોને કાર્ડ વિનામૂલ્યે ઘર આંગણે કાઢી આપવામાં આવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં તાલુકા-શહેરમાં મંડળ પ્રમુખ બનવા ફોર્મ ભરાયા

**હજુ આજે પણ ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોય હોદ્દો મેળવવા હોડ લાગશે**

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં તાલુકા અને શહેર મંડળના પ્રમુખ બનવા માટે આજથી ફોર્મ ભરવાના શરૂ થયા હતા. ફોર્મ ભરવા માટે પ્રદેશ ભાજપ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે શનિવાર અને રવિવાર એમ બે દિવસ ફોર્મ ભરવામાં આવનાર છે. ફોર્મ ભરવાના પ્રથમ દિવસે કુલ ૨૦ મંડળ માટે ૫૦ ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં કુંકાવાવ તાલુકામાં ૧, સાવરકુંડલા તાલકામાં ૭,શહેરમાં ૧૧, બાબરા તાલુકામાં ૧-શહેરમાં ૦૫, દામનગર શહેરમાં ૦૧, અમરેલી તાલુકામાં ૦૩, જાફરાબાદ તાલુકામાં ૦૩-શહેરમાં ૦૨, લાઠી તાલુકામાં ૦૧-શહેરમાં ૦૨, રાજુલા તાલુકામાં ૦૧-શહેરમાં ૦૧, બગસરા તાલુકામાં ૦૩-શહેરમાં ૦૧ અને ચલાલા શહેરમાં ૦૧ ફોર્મ ભરાયું છે. જયારે ધારી, લીલીયા અને ખાંભા શહેર અને તાલુકામાં હજુ એકપણ ફોર્મ ભરાયું નથી. આ સમગ્ર પ્રક્રિયામાં રાજુભાઈ શુકલ, રાજુભાઈ બાંભણીયા, અતુલભાઈ કાનાણી, રવુભાઈ ખુમાણ, મેહુલભાઈ ધોરાજીયા, ભુપેન્દ્રભાઈ બસીયા સહિતના આગેવાનોએ જવાબદારી સંભાળી હતી.



# લીલીયાનાં એકલેરા ગામે ૧ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં દેશી વિદેશી દારૂનું દુષણ ફુલ્યું ફાલ્યું છે. જેથી દારૂના દુષણને નાથવા માટે પોલીસે કડક કામગીરી હાથ ધરી છે. લીલીયા તાલુકાના એકલેરા ગામે રહેતા પરપ્રાંતિય મુકેશ ધના ડામોરે ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ પોતાના કબ્જામાં હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે મુકેશને એક બોટલ વિદેશી દારૂની બોટલ સાથે ઝડપી પાડયો હતો.















# અમરેલીની એસ.એચ. ગજેરા કેમ્પસની હેન્ડબોલ ટીમ રાજ્ય કક્ષાએ ઝળકી



અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લાનું ગૌરવ વધારતા શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસની હેન્ડબોલ ટીમએ રાજ્ય કક્ષાની ૮૬મી SGFI સ્ટેટ લેવલ હેન્ડબોલ ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. આ ટુર્નામેન્ટ પંચોટ, મહેસાણામાં યોજાઈ હતી જેમાં જિલ્લાની વિવિધ શાળાઓની ટીમએ ભાગ લીધો હતો. શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાની ભાઈઓ અને બહેનોની ટીમએ ખૂબ જ સારું પ્રદર્શન કરીને અનુક્રમે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા છે. આ સિદ્ધિ માટે ટીમના તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ ખેલાડીઓએ કોચ રવિભાઈ નાવડીયા અને ટ્રેનર અંશભાઈ પટેલ, કાજલબેન ડાંગરના માર્ગદર્શન હેઠળ ખૂબ મહેનત કરી હતી. તેમની સિદ્ધિ માટે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ અને કોચને અભિનંદન પાઠવ્યા હતા.

# બગસરામાં હીરા ઉદ્યોગને મંદીનું ગ્રહણ લાગ્યું

બગસરા, તા.૦૭



તસવીર : હાર્દિક બામટા

બગસરામાં છેલ્લા ઘણા સમયથી હીરા ઉદ્યોગમાં મંદીનું ગ્રહણ લાગ્યું હોય તેવો માહોલ છે. બગસરાના હીરાઘસુઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કાચા હીરા પૂરતા પ્રમાણમાં ન મળતા અને બનાવેલા હીરાની પણ પૂરતી લેવાલી ન આવતા હીરાના વેપારીઓ કારીગરોને પૂરતા ભાવ આપી શકતા નથી. આથી કારીગરોને આર્થિક ભીંસ અને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. એક સમયે બગસરા હીરાનું હબ ગણાતું હતું. ત્યારે બગસરામાં લગભગ ૪૫ જેટલા કારખાના ચાલતા હતા, જ્યાં એક કારખાનામાં અંદાજે ચાર હજાર જેટલા કારીગરો કામ કરતા હતા, અત્યારે આ ગંભીર પરિસ્થિતિમાં ૧૫ જેટલા કારખાના કાર્યરત છે, જેમાં અંદાજે ૧૫૦૦ જેટલા કારીગરો કામ કરે છે. તેમને પણ મહેનતની સામે પૂરતું વળતર મળતું નથી. અગાઉ કારીગરો મહિને અંદાજે ૧૫થી ૨૦ હજાર કમાણી કરી લેતા હતા, અત્યારે ૪થી ૫ પાચ હજાર જેવું માંડ મેળવે છે. જ્યારથી રશિયા અને યુક્રેન યુધ્ધ શરુ થયું ત્યારથી આ હીરાની ચમક જાણે સાવ ફીકી પડી ગઇ હોય તેવું લાગી રહ્યું છે. આ પરિસ્થિતિમાં કારખાનેદારો પણ સરકારને રજૂઆત કરી પોતાનું અને પોતાને ત્યાં કામ કરતા કારીગરોનું ગુજરાન ચાલે તે માટે હીરા ઉદ્યોગને પ્રોત્સાહન મળે તે માટે પગલાં લેવા અપીલ કરી છે.

# પુરૂષ નસબંધી કેમ્પમાં ૬ ઓપરેશન, જિલ્લામાં નવો રેકોર્ડ

અમરેલી, તા.૦૭



ભારત સરકાર દ્વારા કુટુંબ નિયોજનમાં પુરૂષોની ભાગીદારી વધારવા માટે દર વર્ષે ૨૧ નવેમ્બરથી ૪ ડિસેમ્બર દરમિયાન પુરૂષ નસબંધી પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. આ પહેલના ભાગ રૂપે, તા. ૦૬/૧૨/૨૦૨૪ના રોજ ચાવંડ ખાતે જિલ્લા કક્ષાનો પુરૂષ નસબંધી કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ભાવનગરથી આવેલા નિષ્ણાત સર્જન ડૉ. બોરિચાએ ૬ પુરૂષોના નસબંધીના ઓપરેશન કર્યા હતા. આ એક નોંધપાત્ર સિદ્ધિ છે અને કુટુંબ નિયોજન કાર્યક્રમમાં પુરૂષોની ભાગીદારી વધારવાના સરકારના પ્રયાસોને મજબૂત કરે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા અને તાલુકા કક્ષાના આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓએ ખૂબ જ મહેનત કરી હતી.

# સાંસદ અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં લીલીયા યાર્ડ ખાતે રવી કૃષિ મહોત્સવની ઉજવણી

અમરેલી,તા.૦૭



લીલીયા મોટાના ભાભા માર્કેટિંગ યાર્ડ ખાતે રવિ કૃષિ મહોત્સવની ઉજવણી તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન નાકરાણીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. લીલીયા તાલુકાના ગામોના ખેડૂત લાભાર્થીઓને સહાય મંજૂરી પત્રોનું વર્ક ઓર્ડરનું વિતરણ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આ કાર્યક્રમમાં નાગરિકો માટે ફાર્મર રજિસ્ટ્રી અને ઈ-કેવાયસી સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી. પશુપાલન પ્રદર્શન અને કૃષિ પ્રદર્શની યોજાઈ હતી. મિલેટ્સનું મહત્વ સમજાવવમાં આવેલ હતુ. આં તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, ભીખાભાઈ ધોરાજીયા, મામલતદાર સાંગાણી, ટીડીઓ કિશોરભાઈ આચાર્ય, સરપંચ જીવનભાઈ વોરા, કાનજીભાઈ નાકરાણી, જીગ્નેશભાઈ સાવજ સહિતના ખેડૂતો કાર્યકરો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# બાબરામાંથી રૂા.૭૨૦૦૦નાં મોબાઈલની ચોરી થતાં ફરીયાદ

અમરેલી, તા.૦૭

**ભાદરવી અમાસના દિવસે થયેલી મોબાઇલ ચોરીની ફરીયાદ છેક હવે લખાવી**

અમરેલી જિલ્લામાં મોબાઈલ ચોરીની ઘટનાઓ દિનાપ્રતિદિના વધતી જાય છે. જિલ્લામાં મોબાઈલ ચોરની સંખ્યાઓ જાણે વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. જેમાં બાબરામાં રૂા.૭૨૦૦૦/-નાં મોબાઈલની ચોરી થતાં અજાણ્યા ઈસમ સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. બાબરામાં રહેતા તોફીક મનસુર વાળાએ ફરીયાદ નોંધાવી છે કે ગત તા.૦૩/૦૯ નાં રોજ રાત્રીનાં આઠેક વાગ્યે તેના મિત્ર ધવલ બાબરા મુકામે ભાદરવી અમાસનાં મેળામાં આવેલ હોય ત્યારે નાસ્તો કરતી વખતે ફરીયાદીનાં ખિસ્સામાંથી રૂા.૭૨૦૦૦નાં મોબાઈલની ચોરી કરી અજાણ્યો શખ્સ નાસી ગયો હતો.


## પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ



SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
PROFESSIONAL spa Amreli
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665


# રાજુલાના ચાંચ બંદર ગામે ઝાડા-ઉલ્ટી થતાં યુવતીનું મોત

અમરેલી, તા.૦૭

ચોમાસાની વિદાય બાદ સમગ્ર રાજયમાં રોગચાળાએ માથું ઉંચકયું છે. આર્યુવેદ વિભાગની કામગીરી બાદ પણ ઘણીવાર રોગચાળો કાબુમાં આવતો નથી. જેના કારણે રાજુલાનાં ચાંચ બંદર ગામે રહેતી અનીતાબેન ચોથાભાઈ જોળીયાને ઝાડા-ઉલ્ટી અને તાવ આવતા સારવાર દરમિયાન યુવતીનું મોત થયું હોવાનું સંજય ચોથાભાઈ જોળીયાએ પોલીસમાં જાહેર કર્યું છે.

## અવસાન નોંધ

**કોડીનાર**

સ્વ. ચંદુભાઈ જયાનંદભાઈ જાની (કોડીનાર નાગરિક સહકારી બેંકના ચેરમેન તેમજ બ્રહ્મ સમાજ અગ્રણી) (ઉ.વ.૮૧)નું તા. ૦૬/૧૨/૨૪ના રોજ અવસાન થયેલ છે. તે હેમાંગભાઈ ભાવેશભાઈ, અમિતભાઈ અને બિંદીયાબેન આચાર્યના પિતાશ્રી થાય છે. સદગતની અંતિમ યાત્રા તા.૦૭/૧૨/૨૪ને શનિવારના રોજ બપોરેના ૨:૦૦ કલાકે તેમના નિવાસસ્થાને માળી શેરી કોડીનાર ખાતે રખેલ હતી.

## શ્રધ્ધાંજલી



સ્વ. શ્રી પરષોતમભાઈ માલવીયા
(દાસભાઈ લીલીયા વાળા)

**સ્વ. શ્રી પરષોતમભાઈ માલવીયા**
ટ્રસ્ટી
શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત
તેઓશ્રી તા. ૦૬/૧૨/૨૦૨૪ ને શુક્રવાર ના રોજ અવસાન પામ્યા હોય સતગત્ નાં આત્માને ઈશ્વર ચીર શાંતિ અર્પે તેવી પ્રભુ પાસે પ્રાર્થના
લી. સંકુલ પરિવાર અમરેલી
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢરોડ, અમરેલી -Ad 080



## શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ

24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144



HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી





ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમાં એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079



ઉત્સવ મીની મીલનું ફક્ત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.



• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon (Ladies & Gents) Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



## નિત્યા સ્કીન કિલનીક

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation

ડો. જુહી ઠક્કર — M.D. (Skin & VD), ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ, ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

## રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ — M.S. Ortho DNB Ortho FIAS, કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# જાફરાબાદનાં હેમાળ ગામે રહેણાંક મકાનમાં રૂ.પ.૪૭ લાખની ચોરી

**તસ્કરોએ સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ઉઠાંતરી કરી**

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં ધીમે ધીમે ઠંડીનો પગરવ શરૂ થયો છે ત્યારે તસ્કરો પોલીસની ઠંડી ઉડાડી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં રહેણાંક મકાનોને પણ નિશાન બનાવી રહ્યા છે. જાફરાબાદનાં હેમાળ ગામે આવેલા એક રહેણાંક મકાનમાં તસ્કરોએ પગલા પાડી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી છે. જાફરાબાદના હેમાળ ગામે રહેતા પ્રકાશભાઈ માધુભાઈ રાઠોડે નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે બીપીએલ વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનમાં અજાણ્યા ઈસમે ગેરકાયદેસર પ્રવેશ કરી બે મકાનનાં તાળા તોડી બે તિજોરીનાં પણ તાળા તોડી તિજોરીમાં રહેલા સોના-ચાંદીના દાગીના રૂ.પ,૩૧,૫૦૦ અને રોકડ રૂ.૧૬૦૦૦ મળી કુલ રૂ.પ,૪૭,૫૦૦ ની ચોરી કરી નાસી ગયા હતા. જેથી પ્રકાશભાઈએ અજાણ્યા ચોર વિરૂધ્ધ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ નોંધાવી છે. ફરીયાદના પગલે ચોરીનાં બનાવની તપાસ પીએસઆઈ પી.બી.પલાસ ચલાવી રહ્યા છે.

# લીલીયાના દાડમા ગામે સમાધાનની ના પાડતા મહિલાને માર પડયો

**ત્રણ લોકોએ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી**

અમરેલી, તા.૦૭

દિકરીને ભગાડી જવા મુદ્દે કોર્ટ કેસ કરવા બદલ મહીલાને માર પડ્યો છે. લીલીયા તાલુકાના દાડમા ગામે મહિલાએ સમાધાનની ના પાડતા આરોપીઓને સારૂં નહીં લાગતા ત્રણેય આરોપીઓએ એકસંપ કરી મહિલાને આડેધડ માર મારતા વૃધ્ધાએ ત્રણ શખ્સો સામે લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

લીલીયા તાલુકાના દાડમા ગામે રહેતી દયાબેન હરીભાઈ લુહાર નામની મહિલાએ પોલીસ ફરીયાદ નોંધાવી છે કે ગામમાં રહેતો પ્રતાપ મુળજીભાઈ સારીખડા તેમની દીકરીને ભગાડી ગયેલ હોય તે બાબતે દયાબેને કોર્ટમાં કેસ કરેલ હોય જે બાબતે આરોપી પ્રતાપે દયાબેનને સમાધાન કરવાનું કહેતા ફરીયાદી દયાબેને સમાધાન કરવાની ના પાડતા જેનું મનદુઃખ રાખી આરોપી રાહુલ મુળજીભાઈ સારીખડા, મુળજીભાઈ ખીમાભાઈ સારીખડા અને પ્રતાપ મુળજીભાઈ સારીખડાએ એકસંપ કરી મહિલાને ગાળો આપી લોખંડના પાઈપ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલાએ ત્રણેય શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

# ફુલઝર ગામ પાસે રોઝડું આડું ઉતરતા બાઈકચાલકનું મોત

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં રોઝડાનો ત્રાસ હોવાથી ભૂતકાળમાં રોઝડાને કારણે અનેકવાર જીવલેણ અકસ્માતો થયા છે. જો કે આવા અકસ્માતો અટકાવાનું નામ લેતા નથી. આવો જ એક ગંભીર અકસ્માત બાબરા તાલુકાના ફુલઝર ગામે બનવા પામ્યો હતો. જેમાં બાઈક ચાલક હટાણું કરી પરત આવતો હતો.ત્યારે રોઝડું આડું ઉતરતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલકનું મોત નિપજયું હતું. બાઈકચાલક જગદીશ સાગડીયાભાઈ જમરે રહે.સાહુરીયાપાની(મધ્યપ્રદેશ) સંજયભાઈ નામના વ્યક્તિ સાથે મોટા દેવળીયા ગામે હટાણું કરવા ગયા હોય ત્યાંથી આવતા સમયે ગામના પાટીયા પાસે પહોંચતા રોઝડું આડું પડતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક જગદીશને પેટના અંદરના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન બાઈકચાલક જગદીશનું મોત નિપજયું હતું.

# દામનગર-ગારિયાધાર માર્ગની દયનીય સ્થિતિ: લોકોના હાડકાં તોડે એવો માર્ગ!

દામનગર,તા.૦૭



દામનગર-ગારિયાધાર વાયા પાડરશીંગા માર્ગની હાલત દિનપ્રતિદિન ખરાબ થતી જાય છે. આ માર્ગની સ્થિતિ એટલી બધી ખરાબ છે કે વાહનોના સ્પેરપાર્ટ્સ ઢીલા પડી જાય છે અને લોકોના હાડકાં તૂટી જવાની સ્થિતિ સર્જાય છે. આ માર્ગના રિસરફેસિંગ માટે મંજૂરી મળી હોવાની વાતો છે, પરંતુ કામ ક્યારે શરૂ થશે તે અંગે કોઈ માહિતી મળતી નથી. લોકોમાં આ અંગે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારના ધારાસભ્ય અને અન્ય પદાધિકારીઓ વિકાસના મોટા-મોટા દાવા કરે છે, પરંતુ આ માર્ગની દયનીય સ્થિતિ પરથી સ્પષ્ટ થાય છે કે વિકાસના તેમના દાવાઓ ખોટા છે. આ માર્ગ પરથી એકવાર કલેક્ટર કે વાહનવ્યવહાર મંત્રીને ચલાવવા જોઈએ જેથી તેમને લોકોની મુશ્કેલીઓનો અનુભવ થાય. દામનગરથી હજીરાધાર-ધામેલ તરફ જવાનો માર્ગ પણ ખૂબ જ ખરાબ હાલતમાં છે. આ વિસ્તારના ધારાસભ્ય સમયાંતરે લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમોમાં આવતા રહે છે, પરંતુ આ માર્ગની સ્થિતિ સુધારવા માટે કોઈ પગલાં લેતા નથી. આવા માર્ગોના કારણે સ્થાનિક લોકોને દરરોજ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

# જિલ્લા કક્ષાની સ્પર્ધામાં એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની ઝળહળતી સિધ્ધિ

સાવરકુંડલા, તા.૦૭




શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં યોજાયેલી જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શન કરીને શાળાનું નામ રોશન કર્યું છે. તા. ૧-૧૨-૨૪ના રોજ યોજાયેલી "જિલ્લા કક્ષાની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા"માં શાળાની વિદ્યાર્થીની આંબલીયા જ્યોત્સના શૈલેષભાઈએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત, તા. ૨-૧૨-૨૪ના રોજ યોજાયેલા "ગરવી ગુજરાત" થીમ આધારિત જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં પંડ્યા શ્રેયા ધર્મેશભાઈએ વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

# જી.એચ.સી.એલ ફાઉન્ડેશન દ્વારા ડેડાણ ગામે કીટ વિતરણ કરાયું

રાજુલા,તા.૦૭


તસવીર : ગોપાલ રાઠોડ

ખાંભા તાલુકાનાં ડેડાણ ગામ ખાતે જી.એચ.સી.એલ ફાઉન્ડેશન દ્વારા આજે ઔદ્યોગિક સામાજિક જવાબદારી હેઠળ ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ દરમિયાન ડેડાણ ક્લસ્ટરના ૧૦ લાભાર્થીઓને ઓર્ગેનિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જી.એચ.સી.એલ ફાઉન્ડેશનના હેડ રમેશભાઈ મકવાણા દ્વારા ખેડૂતોને ઓર્ગેનિક ખેતીની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સાથે ગામના સરપંચ વાઘ કનુભાઈ તથા નોલ વીરભાઈ અને આગેવાન ખેડૂતમાં સોમાતભાઈ મકવાણા, હિરપરા ભુપતભાઈ તથા સાવલિયા પ્રવીણભાઈ અને પંકજભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જી.એચ.સી.એલ ફાઉન્ડેશનના હેડ રમેશભાઈ મકવાણા ઉપરાંત જીવાભાઈ મોરી, જીતુભાઈ કીડેચા, તેજસ વાળા અને વોલેન્ટિયર્સ વિનુભાઈ તથા સુખાભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાંભાના મોટા બારમણ ગામે જમાઈએ સાસુને થપ્પડ મારી

અમરેલી, તા.૦૭

હજુ બે દિવસ પહેલા જ અમરેલીનાં જશવંતગઢ ગામે ઘરકંકાસને કારણે જમાઈએ સાસુની નિર્મમ હત્યા કરવાનો બનાવ તાજો છે. ત્યાં ખાંભાનાં મોટા બારમણ ગામે જમાઈએ સાસુને બે-ત્રણ ફડાકા જીકી માર મારતા સાસુએ જમાઈ વિરૂધ્ધ ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. ખાંભાના રબારીકા ગામે રહેતા નંદુબેન નાનજીભાઈ પરમાર તેના પતિ સાથે મોટા બારમણ ગામે લૌકિક ક્રિયામાં ગયેલ હોય અને ત્યાંથી પરત રબારીકા ગામ આવતા હતા. તે દરમિયાન નંદુબેનનાં જમાઈ હિંમત ડાયાભાઈ વાળાએ નંદુબેનને રોકી કહેલ કે તમારી દીકરીને તમારી ઘરે કેમ રોકી રાખેલ છે અને મોકલતા નથી તેમ કહી નંદુબેનને જેમ ફાવે તેમ ગાળો આપી બે-ત્રણ ઝાપટ મારી મુંઢ માર મારતા નંદુબેને પોતાના જમાઈ હિંમત સામે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

# મોટા આંકડિયા પોસ્ટ ઓફિસમાં વીમા અને બચત યોજનાનો મહાકેમ્પ

અમરેલી, તા.૦૭

અમરેલી : ભારત સરકારના પોસ્ટ વિભાગ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં લોકોને વિવિધ સુરક્ષા અને બચત યોજનાઓની જાણકારી આપવાનો એક નવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત મોટા આંકડિયા પોસ્ટ ઓફિસમાં તા. ૦૯-૧૨-૨૦૨૪, સોમવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યાથી સાંજે ૩:૦૦ વાગ્યા સુધી એક વિશેષ મહાકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં પોસ્ટ વિભાગની ગ્રામીણ ટપાલ જીવન વીમા યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત, વિવિધ પ્રકારની બચત યોજનાઓ અને ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક દ્વારા આપવામાં આવતી ડોર સ્ટેપ સેવાઓ વિશે પણ માહિતી આપવામાં આવશે. આ સાથે જ, સરકારી યોજનાઓ આધારિત ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર માટેના ખાતા પણ ખોલવામાં આવશે. કેમ્પમાં એક્સિડેન્ટલ વીમા વિશે માહિતી આપવામાં આવશે અને પેપરલેસ વિમા પ્રક્રિયાને સરળ બનાવવામાં આવશે. મોટા આંકડિયાના ઈન્ચાર્જ સબ પોસ્ટમાસ્ટરે ગ્રામજનોને આ કેમ્પમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અને આ સુવિધાનો લાભ લેવા માટે અનુરોધ કર્યો છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૫૦ | ૧૫૧૦ |
| ઘઉં લોકવન | ૫૮૮ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૯૭ | ૬૫૪ |
| જુવાર સફેદ | ૬૮૦ | ૭૮૦ |
| જુવાર લાલ | ૮૦૦ | ૧૦૭૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૨૦ | ૫૩૦ |
| તુવેર | ૧૨૮૦ | ૧૭૮૦ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૨૯૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૩૬૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૭૨૦ |
| મગ | ૧૦૦૫ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૩૯૨ |
| ચોળી | ૧૫૫૦ | ૩૧૧૦ |
| મઠ | ૭૦૦ | ૧૧૦૦ |
| કળથી | ૯૭૫ | ૧૧૬૦ |
| મગફળી જાડી | ૮૭૦ | ૧૨૨૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૦૦ |
| તલી | ૨૧૩૦ | ૨૫૯૮ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૧૯ |
| અજમો | ૨૪૭૨ | ૨૪૭૨ |
| સુવા | ૧૩૦૦ | ૧૩૨૬ |
| સોયાબીન | ૭૯૫ | ૮૯૫ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૩૬૮ |
| લસણ | ૩૯૦૦ | ૪૮૦૦ |
| ધાણા | ૧૩૨૦ | ૧૪૮૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૫૬૦ |
| ધાણી | ૧૩૪૦ | ૧૫૦૦ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૩૩૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૫૦ |
| રાય | ૧૦૩૦ | ૧૩૧૫ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૯૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૩૮ |
| રજકાનું બી | ૩૬૦૦ | ૫૦૫૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૯૧૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૪૦૦ | ૭૧૧ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૬૧૫ |
| ટમેટા | ૬૫૦ | ૯૧૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૩૦ | ૪૨૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૨૦ | ૩૫૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોળા | ૩૫૦ | ૭૦૦ |
| દુધી | ૧૦૦ | ૧૪૦ |
| કારેલા | ૩૫૦ | ૬૦૦ |
| સરગવો | ૭૦૦ | ૨૪૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૫૫૦ | ૮૩૦ |
| કાકડી | ૬૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૫૦ | ૫૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| તુવેરસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૫૦ |
| આદુ | ૭૦૦ | ૧૦૫૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૫૦૦ | ૩૫૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૫૬૦ | ૬૦૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૭૫૦ |
| ટામેટા | ૭૫૦ | ૮૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૫૫૦ | ૭૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૫૦ |
| કારેલા | ૭૦૦ | ૯૦૦ |
| ગલકા | ૩૫૦ | ૬૫૦ |
| મુળા | ૩૦૦ | ૪૪૦ |
| કાકડી | ૩૨૦ | ૬૨૦ |
| ગુવાર | ૬૨૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| આમળા | ૫૪૦ | ૬૫૦ |
| તુવેર | ૭૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૪૨૦ | ૬૨૦ |
| હળદરલીલી | ૭૫૦ | ૯૫૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૮૫૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૨૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૩૨૦ | ૬૫૦ |
| બીટ | ૬૫૦ | ૯૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૨૦ |
| સરગવો | ૧૨૦૦ | ૨૦૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૪૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૮૫૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૬૦૦ |
| લસણ લીલુ | ૪૦૦૦ | ૭૦૦૦ |
| લસણ સુકુ | ૫૨૫૦ | ૬૫૫૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૭૨૦ |
| પાલક | ૪૦૦ | ૬૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૨૦ | ૧૦૯૨ |
| ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૧૬૫ |
| શિંગ મોટી | ૮૦૨ | ૧૨૦૯ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૦૪ |
| તલ સફેદ | ૧૭૫૦ | ૨૫૮૦ |
| તલ કાળા | ૩૮૨૫ | ૪૨૭૦ |
| તલ કાશમીરી | ૨૬૬૦ | ૩૨૮૦ |
| બાજરો | ૪૮૮ | ૬૦૦ |
| જુવાર | ૫૭૬ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૬૪૨ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૦૫ |
| અડદ | ૯૪૫ | ૧૮૨૫ |
| ચણા | ૯૦૦ | ૧૩૯૫ |
| કપાસ | ૮૧૦ | ૧૪૮૧ |
| એરંડા | ૧૨૧૧ | ૧૨૧૮ |
| જીરૂ | ૩૦૫૦ | ૪૨૧૫ |
| ધાણા | ૯૦૦ | ૧૪૫૦ |
| રજકા બી | ૨૪૦૦ | ૫૨૧૦ |
| મરચા લાંબા | ૭૦૦ | ૨૬૭૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૭ |
| ઘવ | ૪૮૦ | ૫૮૧ |
| મગ | ૯૦૦ | ૧૫૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૯૧ |
| અડદ | ૯૦૦ | ૧૪૯૬ |
| મગફળી | ૭૦૦ | ૧૧૯૬ |
| શિંફડા | ૯૫૦ | ૧૦૫૦ |
| મેથી | ૮૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૯૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૧૫ |
| કપાસ મીડીયમ | ૧૧૧૦ | ૧૩૭૦ |
| મગફળી | ૧૧૪૨ | ૧૧૬૮ |
| મગફળી બી.ગી | ૯૩૦ | ૧૦૬૦ |
| અડદ | ૧૨૧૦ | ૧૪૦૦ |
| ઘવ | ૫૩૨ | ૬૦૮ |
| તલ | ૨૦૭૦ | ૨૨૬૦ |
| તલ કાળા | ૩૨૪૦ | ૪૧૬૦ |
| જીરૂ | ૩૯૬૦ | ૪૩૦૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૬૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૪૩ | ૧૪૭૨ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૬૫ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૭૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૩૧ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૨૬૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૧૧ |
| કપાસ | ૧૩૨૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૬૩૪ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૫ |
| જુવાર | ૭૬૦ | ૮૦૦ |
| મકાઈ | ૪૧૧ | --- |
| અડદ | ૯૫૦ | ૧૮૦૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૭૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૬૦૨ |
| સોયાબીન | ૭૨૫ | ૮૧૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૫૨ |
| મગફળી | ૬૫૧ | ૧૦૯૦ |
| ઘઉં | ૫૫૦ | ૫૬૪ |
| ચણા | ૮૦૦ | ૧૧૮૦ |
| ધાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| સોયાબીન | ૭૨૨ | ૭૭૧ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| અડદ | ૧૨૪૦ | ૧૪૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૨૫ | ૧૧૩૨ |
| મગફળી ૩૨ નં. | ૯૦૦ | ૧૦૩૧ |
| બાજરી | ૫૨૫ | ૬૦૩ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૬ |
| સફેદ તલ | ૧૯૫૦ | ૨૩૪૦ |
| સોયાબીન | ૭૮૮ | ૮૨૬ |
| જુવાર | ૬૫૦ | ૮૨૨ |
| અડદ | ૧૧૫૦ | ૧૫૨૫ |
| મગ | ૧૨૦૦ | ૧૭૩૪ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૬૭ |
| રજકો | ૪૦૦૦ | ૫૨૭૫ |
| કપાસ | ૧૪૦૦ | ૧૪૬૯ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૫૦ | ૧૧૭૪ |
| શીંગ ૩૨ | ૯૬૦ | ૧૦૪૪ |
| શીંગ ૩૯ | ૯૬૦ | ૧૧૨૬ |
| શીંગ જીર૦ | ૧૦૨૫ | ૧૧૭૨ |
| એરંડા | ૮૦૦ | ૧૧૯૦ |
| જુવાર | ૩૬૧ | ૮૯૧ |
| બાજરી | ૪૩૫ | ૭૧૪ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૭૦૦ |
| અડદ | ૮૦૨ | ૧૫૯૦ |
| મગ | ૧૩૯૨ | ૧૪૯૯ |
| મગ દેશી | ૧૫૪૯ | ૨૫૯૦ |
| સોયાબીન | ૮૧૧ | ૮૩૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| તલ સફેદ | ૧૮૩૪ | ૨૫૫૦ |
| તલ કાળા | ૪૨૩૨ | ૪૨૩૨ |
| રવકો | ૪૯૦૦ | ૪૯૦૦ |
| જીરૂ | ૪૪૦૦ | ૪૪૦૦ |
| ડુંગળી લાલ | ૩૦૦ | ૮૦૫ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૯૫૫ |
| કપાસ શંકર | ૧૩૨૦ | ૧૪૩૭ |
| નાળીયે | ૨૬૦૪ | ૨૫૨૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૭૫ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૪૦૧ |
| કપાસ | ૧૩૯૧ | ૧૪૮૦ |
| બાજરો | ૫૬૫ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૦૨ |
| જુવાર | ૫૦૦ | ૭૮૩ |
| મગ | ૧૬૦૧ | ૨૧૫૦ |
| મઠ | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૧૭૧ | ૧૨૨૨ |
| એરંડી | ૧૧૬૫ | ૧૧૬૫ |
| સોયાબીન | ૭૭૭ | ૭૯૧ |
| રાય | ૧૧૩૧ | ૧૧૩૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૭ |
| ઘવ લોકવન | ૫૪૨ | ૫૮૫ |
| ઘવ ટુકડા | ૫૫૫ | ૫૯૯ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| સોયાબીન | ૬૨૫ | ૭૭૭ |
| મગફળી | ૭૪૪ | ૧૦૫૩ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૧૬ |
| તલ સફેદ | ૧૬૮૦ | ૨૩૦૦ |
| ધાણા | ૧૨૪૫ | ૧૩૪૫ |
| ચણા સફેદ | ૧૨૦૭ | ૧૨૦૭ |
| શીંગદાણા | ૧૧૫૦ | ૧૧૯૫ |
| તુવેર | ૧૦૮૫ | ૧૦૮૫ |
| અડદ | ૧૧૫૦ | ૧૩૬૫ |
| ચણા સોલે | ૧૯૦૫ | ૧૯૦૫ |
| જીરૂ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૩૦ |
| જુવાર | ૫૦૦ | ૬૦૦ |
| ઘઉં | ૫૨૫ | ૬૦૬ |
| મગ | ૯૫૦ | ૧૦૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ચોળી | ૫૦૦ | ૧૦૬૦ |
| ચણા | ૭૫૦ | ૧૨૨૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૪૫ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૪૯૫ |
| મગફળીજાડી | ૯૦૦ | ૧૧૨૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૨૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૨૨૦ |
| રાયડો | ૮૩૫ | ૧૦૭૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| લસણ | ૨૬૦૦ | ૪૬૦૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૫૯૮૫ |
| અજમો | ૨૧૮૦ | ૩૮૦૦ |
| ધાણા | ૧૧૧૧ | ૧૧૪૦ |
| ડુંગળીસુકી | ૧૫૦ | ૭૮૫ |
| મરચાસુકા | ૪૮૦ | ૨૫૭૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૪૫ |
| **ગોંડલ** | | |
| જણસી | નીચો | ઉંચો |
| કપાસ બી. ટી. | ૧૨૪૧ | ૧૪૮૧ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૭૦૧ |
| મગફળી જીણી | ૭૦૬ | ૧૧૪૬ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૧૦૩૧ | ૧૨૨૬ |
| તલ કાળા | ૨૫૩૦ | ૪૫૦૦ |
| જીરૂ | ૩૬૫૧ | ૪૭૭૧ |
| ધાણા | ૯૦૦ | ૧૬૩૧ |
| લસણ સુકું | ૨૦૦૧ | ૪૭૭૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૯૦૧ |
| અડદ | ૧૧૩૧ | ૧૮૬૧ |
| મેથી | ૮૦૧ | ૯૭૧ |
| કાંગ | ૯૩૧ | ૯૩૧ |
| મરચા | ૪૦૧ | ૨૮૫૧ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૨૩૬ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૨૪૨૧ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૫૪૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૦૧ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૫૫૦ |
| બાજરો | ૪૫૧ | ૫૫૧ |
| જુવાર | ૨૬૧ | ૬૭૧ |
| મકાઇ | ૩૮૧ | ૪૮૧ |
| મગ | ૧૧૫૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૭૧ |
| વાલ | ૫૦૦ | ૧૩૦૧ |
| ચોળા / ચોળી | ૬૦૦ | ૨૬૬૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૪૧ |
| ગોગળી | ૮૦૦ | ૮૯૧ |
| વટાણા | ૩૦૧ | ૧૩૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૫૪૦ | ૮૪૦ |
| મરચા | ૫૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૪૦૦ |
| દુધી | ૬૦ | ૧૬૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| તુવેર | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| કેરી કાચી | ૮૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૪૫૦ | ૬૧૦ |
| અંબાળા | ૪૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૧૦ | ૨૦ |
| મૂળા પુરા | ૬ | ૧૨ |
| કાચા કેળા | ૪૦૦ | ૫૦૦ |
| ચૂરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૭૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૨ |
| બીટ પુરા | ૧૫ | ૨૫ |
| સરગવો પુરા | ૩૦ | ૪૦ |
| ચોરા | ૪૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૮૦ | ૫૬૦ |
| વાલોર | ૨૦૦ | ૪૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૨૨૦૦ | ૨૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૨૪૦ |
| લસણ પુરા | ૩૦ | ૪૦ |
| પાલક પુરા | ૬ | ૧૨ |

# દીવા તળે અંધારું, મોદી તળે ભાજપ

વિચાર વલોણું



જયવંત પંડ્યા

અમદાવાદમાં અમદાવાદ મનપા અને નેશનલ બુક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પુસ્તક મેળામાં હિન્દુ વિરોધી લેખકોને બોલાવાયા. તેનાથી ઉહાપોહ થઈ ગયો. આ લેખકોમાં એક છે - વિલિયમ ડેલરિમ્પલ. વિલિયમ ડેલરિમ્પલ મોગલોનું મહિમામંડન કરતો રહ્યો છે. તે મોગલોના હિન્દુઓ પર અત્યાચારને પણ છુપાવતો રહ્યો છે. તેણે જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ હટાવવાનો પણ વિરોધ કર્યો હતો. અને નાગરિકત્વ સુધારા અધિનિયમ (સીએએ)નો પણ વિરોધ કર્યો હતો. એમ કહે છે કે તેણે દિલ્લીમાં અમેરિકાના તત્કાલીન પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના આગમન વખતે જ થયેલાં રમખાણો પર પુસ્તકનું પ્રકાશન અટકાવ્યું હતું. બીજી લેખિકાઓ છે- સેવી કર્નેલ અને કિરણ મનરાલ. આ બંને લેખિકાઓને 'અંડરકવર હિરોઈન્સઃ રીઈમેજિનિંગ ધ રૉલ ઑફ વીમેન' નામના સત્રમાં બોલવા માટે આમંત્રિત કરાઈ હતી. પરંતુ હિન્દુવાદીઓના રાષ્ટ્રવ્યાપી વિરોધ પછી ચાર ડિસેમ્બરે તેમનું સત્ર રદ કરાયું હતું. કિરણ મનરાલે ટ્વીટ કર્યું હતું. હિન્દુત્વમાં ઊછાળાથી શું સ્ત્રીઓ પર વધુ આક્રમણો થશે? કિરણ મનરાલ 'કારવાં' નામની હિન્દુ વિરોધી વેબસાઈટ પર પણ લખે છે અને તેનું માનવું છે કે ઈવીએમ હૅક થઈ શકે છે. સર્વોચ્ચમાં ૨૦૧૭થી અત્યાર સુધીમાં એક અંદાજ મુજબ દર ચૂંટણી પહેલાં કે પછી યાચિકાઓ થઈ છે તે જોતાં ૧૬એક પિટિશન થઈ હશે અને તેમાં એવો જ ચુકાદો આવ્યો છે કે ઈવીએમ હૅક થઈ શકે તેમ નથી, ચૂંટણી પંચે પણ આના ઉત્તરો આપ્યા છે. તેમ છતાં કિરણ મનરાલ જેવી લેખિકા કૉંગ્રેસનાં જૂઠાણાંને આગળ વધારવાનું કામ કરે છે અને એ લેખિકાનું મહત્ત્વ વધારવાનું કામ તેને પુસ્તક મેળામાં આમંત્રણ આપીને અમદાવાદ મનપા અને નેશનલ બુક ટ્રસ્ટ કરે છે. હવે કેન્દ્રમાં દસ વર્ષના શાસન અને ગુજરાતમાં ૧૯૯૫થી ન ગણો અને ૧૯૯૮થી ગણો તો, ૨૬ વર્ષના શાસન પછી એમ કહી શકાય તેમ નથી કે બધે ડાબેરીઓ બેઠા છે. નેશનલ બુક ટ્રસ્ટના અધ્યક્ષ પ્રા. સુધાકર મરાઠે સંઘ સંલગ્ન સંસ્થા અભાવિપ (પહેલાં સંઘની સંસ્થાઓનાં નામ આ રીતે લખાતાં અને બોલાતાં, હવે તેનું પણ અંગ્રેજીકરણ થઈ ગયું છે- એબીવીપી કહેવાય છે, વિહિપને વીએચપી.)ના રાષ્ટ્રીય પ્રમુખ હતા. અહીં અમદાવાદ મનપામાં પણ સંઘનિષ્ઠ લોકો જ છે. તો આવી ગડબડ કેમ થાય છે? તેનાં ત્રણ કારણો હોઈ શકેઃ એક તો અધિકારીઓ પર છોડી દેવું. અને લેફ્ટ-લિબરલ અધિકારીઓ પોતાની નીચે રાખવા. પોતે તેના પર ધ્યાન ન આપવું કે કોને-કોને આમંત્રણ અપાય છે અને તેમની વિચારધારા શું છે? ભાજપ પાસે તો પોતાના કાર્યકર્તાઓનું પણ વિશાળ નેટવર્ક છે અને સંઘની નીચે સુધીની કેડર પણ છે. ચમચા ન હોય તેવા લોકોને પૂછવામાં આવે તો સાચો અભિપ્રાય મળી જ શકે. પરંતુ એ બધી તસ્દી કોણ લે? પોતાની પાસે તો નરેન્દ્ર મોદી-અમિત શાહ, જે.પી. નડ્ડા-ભૂપેન્દ્ર પટેલ-સી.આર. પાટીલનાં ટ્વીટ રિટ્વીટ કરવા, બેઠકોમાં ઉપસ્થિત રહેવું, નાનાં-મોટાં ઉદ્ઘાટનો કરવાં, વગેરે કામોમાંથી સમય કાઢીને વાંચવાનો સમય ન હોય, પણ જેમની પાસે સમય છે, જેઓ વાંચે છે - લખે છે તેવા લોકોને પૂછવાનોય સમય ન હોય?

આ પહેલી વાર નથી થયું. અગાઉ સંસ્કૃતિ મંત્રાલય હેઠળ આવતી સાહિત્ય અકાદમીએ હિન્દુ પુરાણોની કથાને 'માઈથૉલૉજી' શીર્ષક (એનો અર્થ જ થયો કાલ્પનિક કથા) થી કૉલમ લખી તેમાં એજન્ડા ચલાવતા દેવદત્ત પટનાયકને એક પરિસંવાદના ઉદ્ઘાટન ભાષણ માટે આમંત્રિત કર્યા હતા. આનો પણ વિરોધ થયો એટલે તે કાર્યક્રમ રદ થયો. જોકે સાહિત્ય અકાદમીએ સતી દ્રૌપદીના કર્ણ અને કીચક પ્રત્યેના વાસનાત્મક ખેંચાણની કાલ્પનિક વાત કહેતા કાવ્ય 'સૈરન્ધ્રી'ને પુરસ્કારથી પોંખ્યું હતું. ગુજરાતની સાહિત્ય અકાદમીમાં પણ આવું બનતું રહે છે.

મુખ્યત્વે મેઈનસ્ટ્રીમ મીડિયામાં રવિવારે કે બુધવારે પહેલા અને છેલ્લા પાને લખતા લોકોને અને રૂપાળા ચહેરા ધરાવતા લેખકોને સરકારમાં બેઠેલા લોકો લોકપ્રિય ગણી લે છે. પરંતુ હવે સૉશિયલ મીડિયાના જમાનામાં આ ગણિત ન ચાલે. સૉશિયલ મીડિયામાં કહેવાતા લોકપ્રિય લેખકો- દેવદત્ત પટનાયક હોય કે બીજા બુદ્ધુજીવીઓ, તેમને તર્ક અને તથ્ય સાથે ખોટા પાડવામાં આવી રહ્યા છે. પરંતુ તકલીફ એ છે કે મેઈનસ્ટ્રીમ મીડિયામાં હજુ પણ હિન્દુ વિરોધી લેખકોને જ સ્થાન મળે છે અને પોતે તટસ્થ છે તેવું બતાવવા માટે જો હિન્દુવાદી લેખકોને સ્થાન આપવામાં આવે તો પણ તેમના હાથ બાંધી દેવામાં આવે છે. તેમની કૉલમ બુધવારમાંથી રવિવારમાં અને પહેલે પાનેથી અંદર કોઈ ખૂણામાં ફંગોળી દેવામાં આવે છે.

મેઈનસ્ટ્રીમ મીડિયામાં ફિલ્મ જેવી નિર્દોષ વિષયની કૉલમમાં પણ 'ધ સાબરમતી રિપૉર્ટ'ની ચર્ચા નથી થતી. ગોધરા કાંડને વિસરાવી દઈ ૨૦૦૨નાં રમખાણો પર જ કેમ આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય મીડિયાએ – એનજીઓએ કાગારોળ મચાવી તેની ચર્ચા કરતો એક લેખ તમને નહીં જોવા મળે. ટ્વીટ વીર પત્રકારો અને બુદ્ધુજીવીઓ દ્વારા બાંગ્લાદેશના હિન્દુઓની ચિંતા કરતું એક ટ્વીટ જોવા નહીં મળે. સંભલમાં હમણાં સુધી જે હરિ મંદિર તરીકે ઓળખાતું હતું તે જગ્યા જામા મસ્જિદ તરીકે કેમ પંકાઈ ગઈ અને ત્યાં કૂવા પૂજન કેમ બંધ થઈ ગયું તેની વાત કરતો એક ટ્વીટ કે લેખ નહીં જોવા મળે, પરંતુ હા, મણિપુરની ચિંતા કરશે. મણિપુરની ચિંતા પણ ત્યારે જ્યારે મૈતેઈ સમુદાય વાંકમાં આવ્યો હતો પરંતુ કૂકી ત્રાસવાદીઓ દ્વારા મૈતેઈઓને બંધક બનાવવાનાં, બાળકને મારી નાખવાનાં કૃત્યો અંગે ચૂપ રહેશે.

તાજેતરમાં હિમાચલ પ્રદેશમાં એક ગજબ ઘટના બની ગઈ. એક સરકારી બસમાં કોઈ યાત્રી મોબાઈલ પર ટીવી ડીબેટ સાંભળતો હશે. તેમાં રાહુલ ગાંધી અને અખિલેશ યાદવની ટીકા આવી. બસમાં હાજર કૉંગ્રેસી ચમચાએ આ વાત સરકાર સુધી પહોંચાડી. પેલો યાત્રી તો મળે નહીં કારણ કે રેલવેની જેમ સરકારી બસમાં નામ-ઠેકાણા સાથે ટિકિટ બુક થતી નથી. એટલે પછી બસ ડ્રાઈવર અને કંડક્ટર સામે નૉટિસ કાઢવામાં આવી !

આની સામે હોબાળો થતાં નૉટિસ પાછી ખેંચવામાં આવી. હિમાચલ પ્રદેશમાં મુખ્ય પ્રધાન સુખવિન્દરસિંહ સુક્ખુ સીઆઈડી મુખ્યાલયમાં એક કાર્યક્રમમાં ગયા હતા. ત્યાં સમોસા મગાવવામાં આવ્યા હતા. પરંતુ સમોસા મુખ્ય પ્રધાન પાસે પહોંચવાના બદલે સમોસા અદૃશ્ય થઈ ગયા અને તેની તપાસના આદેશ છૂટ્યા.



પંજાબમાં પરાળી સળગાવવાના કારણે પાકિસ્તાનના લાહોરમાં પ્રદૂષણ વધી ગયું. કૉર્ટે કહ્યું કે પંજાબમાં અધિકારીઓએ ખેડૂતોને બપોરના બે વાગ્યા પછી પરાળી સળગાવવાની છટકબારી બતાવી કારણ કે ત્યાં સુધીમાં નાસાનો ઉપગ્રહ (સેટેલાઈટ) ભારત પરથી પસાર થઈ જતાં ખેડૂતો પરાળી સળગાવતા હોવાનું સેટેલાઈટમાં તસવીરો ઝડપાતી નથી. કર્ણાટકમાં મુખ્ય પ્રધાનનાં પત્ની પર જમીન કૌભાંડનો આક્ષેપ લાગ્યો.

આ બધી બાબતે કહેવાતા 'તટસ્થ' લોકોની કલમની શાહી સૂકાઈ જાય છે.

પણ ભાજપ સરકાર અને તેના અધિકારીઓ માટે તો આ બધા જ તટસ્થ છે. એ બધા જ સાચા પત્રકાર છે. સાચા લેખકો છે જે બાબરને સેક્યુલર ગણાવે છે કારણ કે તેણે ગૌહત્યા પર પ્રતિબંધ મૂક્યો હતો. વાય ક્રૉમૉઝમમાં વાય આલ્ફાબેટ વાંકો હોવાથી પુરુષ પણ સ્વભાવનો વાંકો હોય તેવા વાહિયાત અને અવૈજ્ઞાનિક તર્ક સ્ત્રીઓમાં લોકપ્રિય થવા આપે છે. વિજ્ઞાન કહે છે કે 'વાય' નામ હોવાથી રંગસૂત્રનો આકાર અંગ્રેજી મૂળાક્ષર 'વાય' જેવો નથી. પણ આવું કહેનારા તો વૈજ્ઞાનિક ! અને તુલસીદાસ 'જુગ સહસ્ર જોજન પર ભાનુ' એમ કહીને પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર કહી દે તો એ વૉટ્સઍપ યુનિ.ના ગપ્પાં !

શ્રી રામજન્મભૂમિ પર ઢાંચો ૧૯૯૨માં તૂટે અને તેનો બદલો લેવા, જાણે ટાઇમ ટ્રાવેલ થઈ શકતું હોય તેમ ૧૯૯૦માં કાશ્મીરમાંથી પંડિતોને ષડયંત્રપૂર્વક કાઢી મૂકાય ! આમ કહી પંડિતોના નરસંહારને ન્યાયોચિત ઠરાવાય !

વાત આવા ગપ્પાબાજ અને વાહિયાત લેખકોની છે જ નહીં, વાત સરકારની પણ નથી. વાત છે વૈચારિક બાબતોની. જ્યાં જે બાબતોમાં કોઈ તર્ક જ નથી (પૃથ્વી સપાટ છે તેવું કહેનારા) તે બાબતો સામે કોઈ પ્રશ્ન નહીં કરવાનો, તેને વૉટ્સઍપ યુનિ.નાં ગપ્પાં નહીં કહેવાનાં, પણ હિન્દુ ધર્મને લગતી બાબતો તર્ક સાથે કહેવામાં આવે તો પણ તેને વૉટ્સઍપ યુનિ.નાં ગપ્પાં કહેવાનાં ! અને તેનું સમર્થન કરનારાઓને વાનર સેના, ભગવી સેના, જડસુ, લપોડશંખ, ટ્રૉલ ગૅંગ કહેવાની. તેમને ગાંધીજીના નામે ઠપકારવાના, પણ ગાંધીજી શું ગાળોના સમર્થક હતા? નવી-નવી ગાળો શોધીને પોરસાતા હતા?

નવજોતસિંહ સિદ્ધુ કૉંગ્રેસી હોય તો તેનું સમર્થન કરવાનું પરંતુ જો તેઓ પોતાનાં સમનામી (નેમસેક) પત્નીને ચોથા તબક્કાના કેન્સરનો ઉપચાર ભારતની પ્રાકૃતિક ચિકિત્સા અને આયુર્વેદના આધારે થયાનું કહે તો તેનું સમર્થન નહીં કરવાનું. તેની સામે ટાટા મેમોરિયલ હૉસ્પિટલના ડૉક્ટરો તરત જ ટાટા મેમોરિયલના લેટરપેડ પર પત્ર જાહેર કરી આ દાવાને આધારવિહોણો ગણાવે અને સિદ્ધુને પણ કહેવું પડે કે ડૉક્ટરની ટ્રીટમેન્ટ પણ લેવી પડે.

સ્વામી રામદેવની સામે ન્યાયાલયમાં પિટિશન થાય અને મુસ્લિમ જજ અમાનુલ્લાહ ખાન તેમને બબ્બે વાર ક્ષમા છતાં એમ કહે, "અમે તમને ઊભા ચીરી નાખીશું." પરંતુ ડેટોલ, કૉલેગેટ જેવાં વિદેશી ઉત્પાદનોને ઈન્ડિયન મેડિકલ એસો. દ્વારા સર્ટિફાઈડ તરીકે પ્રચારિત કરાય અને તેમાં કોઈ અભિનેતા કે અભિનેત્રીને ડૉક્ટર બનાવીને રજૂ કરાય તો તેની સામે કોઈ પ્રશ્ન નહીં. પ્રૉફેટ બજિન્દરસિંહ મૃત બાળકને જીવતું કરી દેવાનું વીડિયોમાં 'હાલેલુજાહ' નાદ સાથે દાવો કરે તો તેની સામે આવી ટીપ્પણી તો ઠીક પરંતુ તેની સામે કોઈ કાર્યવાહી પણ ન થાય.


ખ્રિસ્તી પંથાંતરણ માટે ફળદ્રુપ વિસ્તાર વ્યારામાં ગત મે મહિનામાં આ બજિન્દરસિંહનો કાર્યક્રમ થયો હતો. તેને સરકારની અનુમતી મળી હશે ને? અનુમતી વગર કાર્યક્રમ કરી શકાય? આવું કર્ણાટકમાં થયું હોત તો હિન્દુ સંગઠનો અને ભાજપે કેટલો ઉહાપોહ કર્યો હોત? આની સામે અંધશ્રદ્ધા સામે લડવાનો દાવો કરનાર 'જાથા'એ ત્યાં પહોંચીને ઉહાપોહ કર્યો? ના, એ તો પીજીવીસીએલના કાર્યાલયમાં સત્યનારાયણની કથા થાય તેમાં જ ઉહાપોહ કરી શકે. ભારતમાં જે કંઈ ઘટે છે તેના માટે આપણે વિદેશીઓને ઉત્તરદાયી ઠરાવીએ છીએ અને તે સાચું પણ છે. પરંતુ શું માત્ર વિદેશીઓ બહાર બેઠાં-બેઠાં આ ષડયંત્રોમાં સફળ થઈ શકે? અજમલ કસાબે તો મુંબઈ પર આક્રમણ કર્યું જ અને તેના માટે તેને ફાંસી થઈ. પાકિસ્તાનના સૈનિકોએ કારગિલ પર આક્રમણ કર્યું અને ભારતીય સૈનિકોએ તેમને મારી નાખ્યા કે પાછા ખદેડી નાખ્યા, પરંતુ આ બંને કિસ્સામાં પત્રકાર બરખા દત્તે માહિતી આપીને પાકિસ્તાનમાં બેઠેલા ત્રાસવાદીઓના આકા કે પાકિસ્તાની સેનાના અધિકારીઓની મદદ કરી તે બદલ બરખા દત્ત સામે કોઈ કાર્યવાહી થઈ? ઉલટું, તેને તો આદર્શ માનવામાં આવી. તેને તો ૨૦૧૬ સુધી ભાજપનાં નેતા-નેત્રીઓ ઈન્ટરવ્યૂ આપતાં રહ્યાં.

આનાથી કઈ ઈકો સિસ્ટમ મજબૂત થાય? સ્વાભાવિક જ વિરોધી ! અહીં ફરી એક વાર સ્પષ્ટતા કે સરકારની વાત નથી. વાત વૈચારિક છે. સરકારની ટીકા તે જ્યાં ખોટી હોય ત્યાં થવી જ જોઈએ અને આવી ટીકા કરનારાને ઈન્ટરવ્યૂ આપો, તેને સેમિનારમાં બોલાવો, તેને પુસ્તક મેળામાં વક્તા તરીકે નિમંત્રો તે સારી વાત જ છે. વાત, ટીકા કરનારા જ્યારે ખોટા હોય, જ્યારે માત્ર હિન્દુ દ્વેષના કારણે હિન્દુ બાબતોની ટીકા કરે પણ સામેની બાજુએ ચૂપ રહે તેવા લોકોને પાળવા-પોષવા-તેમને મોટા સાબિત કરવાની છે. આવા લોકો તો સાચા હિન્દુવાદીઓને ઠેંગો બતાવતા હોય છે કે તમે ગમે તેટલા તર્ક સામે અમારો વિરોધ કરી અમારી સાથે લડશો પરંતુ સત્તામાં બેઠેલાઓ તો અમારી સાથે જ છે. અને તે લોકો તમારો ભાવ પણ નહીં પૂછે અને અમને અછોવાના કરશે. તમને પાણીનું નહીં પૂછે અને અમારા હારતોરા કરશે.

આનું ચૂંટણીમાં પરિણામ નહીં આવે તેમ માનવાને કોઈ કારણ નથી. મહારાષ્ટ્ર ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરેને તેનો અનુભવ થઈ ગયો છે. શિવસેના (ઉ.ઠા. જૂથ)ના કાર્યકર્તાઓ જ દુઃખી હતા – ક્રોધિત હતા. આખી જિંદગી બાળાસાહેબના હિન્દુત્વના માર્ગે ચાલ્યા અને હવે ઔરંગઝેબને માનનારાઓની વાહ-વાહ કરવાની? કૉંગ્રેસ સાથે જવાનું? એટલે હવે બૃહદ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉદ્ધવભાઉએ કાર્યકર્તાઓને હિન્દુત્વના માર્ગે પાછા ફરવાનો આદેશ કર્યો છે. વાસ્તવમાં હિન્દુત્વ એ માત્ર ચૂંટણી ટાણે 'બટેંગે તો કટેંગે'નો નારો જપવાનો વિષય નથી. એ ૩૬૫ દિવસ ચોવીસ કલાક એ માર્ગે ચાલવાનો વિષય છે. ગુજરાતમાં દીવા તળે અંધારું એ રીતે મોદી તળે ભાજપની સ્થિતિ છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ધાર્યા કરતાં નબળાં પરિણામ પછી મોદીજી લોકસભામાં કહે કે હવે વિરોધી ઈકો સિસ્ટમને તેની ભાષામાં જ ઉત્તર અપાશે અને ભાજપ સરકારો કે સરકારની નીચે આવતા બુક ટ્રસ્ટ કે મનપા જ આવા લેખકોને આમંત્રણ આપીને એવું સાબિત કરે છે કે મોદીજી તો કહેતા રહે. આપણે તો લિબરલોના જ વ્હાલા થઈશું. કૉંગ્રેસ ૧૯૮૪ સુધી કંઈક અંશે હિન્દુત્વના માર્ગે ચાલતી રહી તેથી જીતતી રહી. તે પછી ક્યારેય પોતાના જોરે સત્તામાં આવી શકી નથી. એ ઈતિહાસ પણ ન ભૂલવો જોઈએ. ■ jaywant.pandya@gmail.com

# બાંગ્લાદેશી હિન્દુ અને ભારતનો વિપક્ષ

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

એકવીસમી સદીના આક્રમક હિન્દુત્વએ નપુંસક અને દોગલા એમ બે હિન્દુઓની એક કતારને મૂળ હિન્દુથી અલગ પાડી દીધી છે. દુનિયાના કોઈપણ ખૂણે થતા બે કોમ વચ્ચેના ફસાદમાં હિન્દુદ્વેષના દ્રષ્ટિકોણ દ્વારા હિન્દુને અપરાધી ગણી લેવાની એક ફેશન પ્રચલિત થઈ ગઈ છે. ભારતમાં અને ભારતમાંથી ભાગીને વિદેશમાં બેઠેલા આ ખાસ જીવાણુઓ દુનિયાના દરેક ખૂણે મળી આવે છે જે હિન્દુઓને જ્ઞાન પીરસવા માટે સતત ઉત્તેજિત રહે છે. આ દ્વેષ હિન્દુઓના એક ખાસ વર્ગમાં ચામડી નીચે સોરાયસીસ રોગની જેમ સતત સળવળી રહ્યો છે. હિન્દુઓને ઉપદેશ આપવાનો કે અપમાનબોધ કરાવવાનો એક પણ મોકો આ લોકો છોડતા નથી. વર્ષોથી આ એક આખી ઈકો સિસ્ટમ ખુબ સિફતપૂર્વક ચાલી રહી હતી. ભારતમાં એમને પનપી જવા માટે એમના રાજકીય આકાઓએ નરમ જમીન ખાતર-પોતર સાથે હમેશા તૈયાર રાખી હતી. આ આખી સિસ્ટમને હિન્દુ પુનઃજાગરણે તેને સપાટી પર લાવી દીધી છે. હિન્દુસ્તાનમાં વીસમી સદીના અંત ભાગથી શરુ થયેલ હિન્દુ પુનઃજાગરણ આ સદીની શરૂઆતમાં રામમંદિર નિર્માણ જેવો ઐતિહાસિક સફળતાનો માઈલસ્ટોન પ્રાપ્ત કરી ચુક્યું છે. દેશ અને દેશની બહાર એમના આદરમાન વધ્યા છે. સાવરકર કહી ગયા હતા તેવું કોટ પર જનોઈ પહેરી શકાય એવું હિન્દુત્વ ઉદય થયું છે. તેના પરિણામે સતત નિષ્ફળ ફિલ્મો આપતા અને પોતાના ક્ષેત્રમાંથી વજૂદ ગુમાવી ચુકેલા તેમજ વારે વારે હિન્દુસ્તાનમાં અસુરક્ષિત મહેસૂસ કરતા ફિલ્મી નટો અને નટીઓ, ચેનલમાંથી હાંકી કઢાયેલા ખાસ ચશ્માં અને ચોળાયેલા ઝભ્ભા પહેરતા અને મોડી રાતની પાર્ટીઓમાં બે બટકા માટે રાજકારણીઓની ઈર્દગીર્દ ઘૂમતા પત્રકારો, જેના સંગઠનો પર રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓને લઈને પ્રતિબંધ લાગી ગયા છે એવા જામીન પર રહેલા કાબરચીતરી દાઢીવાળા વામપંથી સમાજસેવકો, દર મહિને દેશના કોઈને કોઈ ખૂણે ચૂંટણી હારતા રાજકીય પક્ષના પોણીયા નેતાઓ અને તેમના પરિવારો ખુલીને મેદાનમાં આવી રહ્યા છે. એમનું દર્દ હઠીલા ગુમડાની જેમ વકરી રહ્યું છે. એવી જગ્યાએ ચચરી રહ્યું છે કે જાહેરમાં વલૂરી શકે તેમ પણ નથી. હિન્દુઓની સહસ્ત્ર વર્ષોની આસ્થાને ઠોકર મારી મારીને પોતાનું અસ્તિત્વ ટકાવી રહેલ રાજકીય પક્ષ, સંસ્થા કે વ્યક્તિ વિશેષની દુકાન બંધ થઈ રહી છે. ઠોકર ખાઈને મૂંગી પડી રહેતી આસ્થા હવે પ્રતિકાર કરી રહી છે. ઘણી વખત પ્રતિકાર સાથે પ્રતિશોધ પણ આવી રહ્યો છે. ઉપરોક્ત યાદીવાળાઓ આ જવાબો માટે ટેવાયેલા નહોતા એટલે એમનું બઘવાઈ જવું સ્વાભાવિક હતું. ભારતે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર સામે અવાજ ઉઠાવવો જોઈએ એ ભારતનો દરેક હિન્દુ માને છે, સમજે છે. મોજૂદા સરકાર એ બાબતે સભાન હોય એ પણ દેશનો સરેરાશ નાગરિક માને છે. પણ 'ઓલ આઈઝ ઓન રફાહ' સમયે ઉત્તેજિત થઈને દુનિયા માથે લેનારા જંતુઓ 'ઓલ આઈઝ ઓન ઢાકા' વખતે પોતપોતાના દરમાં પેસી ગયા છે. એમનું ચોક્કસ મુદ્દાઓ પરનું દોગલાપણું અભૂતપૂર્વ છે. વડાપ્રધાનના એક ઉદ્યોગપતિ સાથે સબંધ સ્થાપિત કરવા સારું આખી સંસદ માથે લેતા અને ઠપ્પ કરી દેતા વિપક્ષો બાંગ્લાદેશી હિન્દુઓ બાબતે સરકારને નહિ ઘેરે. વડાપ્રધાનને બીજા કોઈપણ મુદ્દે ઘેરવામાં વ્યસ્ત વિપક્ષ આવડા મોટા સરહદી જોખમ સામે ચૂપ રહેશે કારણ કે તેઓ કોઈ ખાસ વર્ગને નારાજ કરવા માંગતા નથી. તેઓ દેશના હિન્દુઓ પ્રત્યે લાગણી નથી ધરાવતા તો બાંગ્લાદેશનો હિન્દુ એમના માટે થર્ડ પાર્ટી જ ગણાય. એમની બટકણી સહિષ્ણુતા અને સેક્યુલારિઝમની આ મજબૂત બાજુ છે. આ તરફથી ક્યારેય એ બટકતી નથી કે આહત નથી થતી. બીજી બાજુ પીંછા જેવા ભારથી પણ તરત જ બટકી જાય છે. સાપમાં એક પ્રજાતિ આવે છે, આંધળી ચાકળ... ખરેખર જે આંધળી નથી, પણ આંધળી દેખાય છે. તેને તેના દેખાવના આધારે બે મોઢાવાળો સાપ પણ કહે છે. આ બિલકુલ એ પ્રજાતિના સાપને મળતી આવતી પ્રજાતિઓ છે. બાંગ્લાદેશની હાલની સ્થિતિ જોતા બીજું પાકિસ્તાન બનવા તરફ ઝડપભેર ગબડી રહ્યું છે. સરકાર ઉથલાવીને નવી સરકાર બનાવવા અને નવી સરકાર આવતા હિન્દુઓ પ્રત્યે શરુ થયેલ અસહિષ્ણુતા આખી દુનિયા જોઈ રહી છે. સરકાર બદલતા જ હિન્દુ મુસ્લિમ વિગ્રહના નિશાન ચડી ગયા છે. આખા દેશમાં હિન્દુ અને મંદિરોને નિશાન બનાવીને હુમલાઓ થઈ રહ્યા છે. હિન્દુ ધર્મગુરુઓને જેલમાં નાખી દેવામાં આવ્યા છે. વિશ્વના ઘણા દેશોની સંસદમાં આ અંગે અવાજો ઉઠી રહ્યા છે. આ બાબત સૌથી વધુ ભારતને અસરકર્તા છે. બાંગ્લાદેશની મોટી સરહદ પશ્ચિમ બંગાળને સ્પર્શે છે. ત્યાની રાજ્ય સરકાર કેન્દ્ર સરકારની નીતિઓ સાથે સંમત નથી એ છાસવારે પ્રગટ થતું રહે છે. પોતાની રાજ્ય સરકાર બચાવવા એ દેશહિતને સામેના છાબડે મૂકી દે એ બહુ શંકા કરવા જેવું નથી. આવા સમયે જે હાલ પાકિસ્તાનમાં હિન્દુઓના થયા એ બાંગ્લાદેશમાં ન થાય એ જોવાની જવાબદારી ભારતની છે. ભારતની સરકાર એ બાબતે ચિંતિત હશે પણ ખરી. ભારતમાં ચૂંટાયા બાદ દિલ્હીની જામા મસ્જિદના ઈમામ બુખારીના આશીર્વાદ લેવા જનાર અને નમાઝ માટે શુક્રવારે દોઢ વાગ્યે ગૃહની કાર્યવાહી થંભાવી દેનાર કરોડરજ્જુ વિનાની નેતાગીરીનું હિન્દુસ્તાન સાક્ષી છે. સાંપ્રદાયિક અને લક્ષિત હિંસા અધિનિયમ-૨૦૧૧ નામે એક બીલ આવ્યું હતું જેનો સાર એવો હતો કે કોમી હિંસા માત્ર બહુમતી સમાજ જ ભડકાવે છે. લઘુમતી સમુદાયની કોઈ પણ વ્યક્તિ હિંસા માટે જવાબદાર નથી. બહુમતી સમાજના સભ્યને લઘુમતીઓના વિરોધમાં હિંસા આચરવા બદલ દંડ સજાની જોગવાઈ હતી. પરંતુ આઘાતજનક વાત તો એ હતી કે લઘુમતી સમુદાયના સભ્ય બહુમતી સમુદાયની સામે હિંસા આચરે તો તે અપરાધ દંડનીય નથી. આ બીલ પસાર કરાવી દેવાની માનસિકતા બહુમત હિન્દુ સમાજ કે બાંગ્લાદેશી હિન્દુ વિશે વિચારે એ વાત ગળે ઉતરે એવી નથી.

**ક્વિક નોટ – ઈશ્વર વિનાના વિશ્વની જવાબદારી મનુષ્ય ઉપાડી શકશે ? – જ્યોં-પોલ સાર્ત્ર** ■

# જીવનમાં શું મેળવવું જરૂરી છે?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) હાસ્યની ગોળી કયા મેડિકલ સ્ટોરમાં મળે છે.?

જીગર આહીર (દાત્રાણા-પાટણ)

દવે મેડિકલ સ્ટોર(નોંધઃ મેડિકલ સ્ટોરની જ્યોતીન્દ્ર, અશોક, પ્રકાશ એમ અલગ અલગ શાખા હોય શકે!).

(૨) દરેક સફળ પુરુષની પાછળ સ્ત્રીનો હાથ હોય છે. તમારે પણ?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

એણે એનું નામ દેવાની ના પાડી છે!!

(૩) તમને કેવા પ્રકારના જવાબો આપવા ન ગમે?

કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ હાલ કેનેડા)

જેમાં ભાસાકીય અસુદ્ધિ હોય એવા!!

(૪) કમનસીબ કોને કહેવાય?

દર્શન પટેલ (વડોદરા)

શિયાળામાં તાપણાં પાસે ગમે ત્યાં બેસે પણ ધુમાડો જેના તરફ જ આવે એ કમનસીબ!

(૫) હું તમારો ફેન છું. મારા લાયક કામકાજ જણાવશો.

રામભાઈ પટેલ (સુરત)

શિયાળામાં તો ફેનનું શું કામ હોય? ઉનાળામાં સંપર્ક કરજો.

(૬) હવા આપણને મફતમાં મળે છે, પરંતુ દવા કેમ મફત મળતી નથી.

યોગેશભાઈ આર. જોશી(હાલોલઃ જિ.પંચમહાલ)

સરકારી દવાખાને દવા મફત મળે. ખાનગી દવાખાને હવા(ઓક્સીજન) પણ મફત ન મળે.

(૭) ફળો જીવસૃષ્ટિ માટે જ બનાવ્યા છે તો બોરડી જેવા કેટલાક ફળઝાડમાં કુદરતે કાંટા શા માટે બનાવ્યા છે ?

કનુભાઈ પરમાર (દામનગર)

આવો પ્રશ્ન બહુ મૂંઝવે ત્યારે થોડા દિવસ બજારમાંથી વેચાતા લાવીને ફળ ખાવા!

(૮) સાહેબ..! પત્ની વગર પતિ બની શકાય?

ધોરાજીયા ઘનશ્યામભાઈ એન.(સાજણટીંબા)

સારી હોસ્ટેલ શોધીને ગૃહપતિ બની જાઓ.

(૯) સાહેબ..! રસ્તામાં પડતા ખાડા અને ગાલ પર પડતા ખાડામાં શું તફાવત છે?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

ગાલ પરના ખાડા જોવામાં ધ્યાન જાય તો રસ્તા પરના ખાડામાં પડવાની સંભાવના વધી જાય!

(૧૦) બધાને પારકી ચીજ કેમ ગમે છે?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)

બધા વાંચકો હોશિયાર છે હો. તમે પારકી ચીજ કહીને શું કહેવા માગો છો એ બધાને ખબર છે!

(૧૧) જીવનમાં શું મેળવવું જરૂરી છે?

પાંડોર નિધિ (બાયડ)

મોબાઈલ સાથેનું ચાર્જર!

(૧૨) મારા પડોશી ઘરમાં કચરાપોતા, વાસણ બધુ જ કરે છે. આને લીધે મારા ઘરમાં ઝગડો થાય છે. આનો કોઈ ઉપાય?

રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)

તમે તમારા પાડોશીને વાસણ સાફ કરતા હોય એવો ફોટો ગ્રુપમાં મૂકો. ઝઘડો તમારા ઘેરથી એના ઘર તરફ ફંટાઈ જશે.

(૧૩) તમને હમણાં બરફની લારીએ ઊભેલા જોયા હતા. શિયાળામાં બરફ?

અમુક સવાલો જ એવા પૂછે છે કે માથે બરફની પાટ મૂકીને જવાબ આપવો પડે.

(૧૪) સોનાનો ભાવ વધવા પાછળ કોણ જવાબદાર છે?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

બપ્પી લહેરી!

(૧૫) આપણા દેશમાં વાંદરા છે એમ બીજા દેશમાં હશે કે નહિ?

મુસ્તુફા કનોજિયા (રાજુલા)

અમુક દેશમાં વાંદરા જ છે! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# બે ટંકનો રોટલો કેમ કમાવો એ બેરોજગારોને કોણ શીખવે?

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

દેશના તમામ પ્રશ્નો અને સમસ્યાઓ માટે રાજકારણ એક બાબતમાં તો આશ્વાસન છે કે બધું જ એ ક્ષેત્ર અને એના નેતાઓ પર ઢોળી શકાય છે. આ હૈયાધારણા નાનીસૂની નથી, કારણ કે એને કારણે સમાજ પોતે પોતાની ભૂલભરેલી પ્રણાલિકાઓ, અપરાધી મનોવૃત્તિઓ અને ગેરસમજો તથા સાવ ખોટ્ટી માન્યતાઓને છુપાવી રાખે છે જયારે કે વાંક સમાજકારણ અને રાજકારણનો સમાન ભાગનો હોય છે. જે બેરોજગારોને નોકરી અપાવવાની વાતો ચોરતરફ ગુંજે છે તેમાં એ યુવક અને યુવતીઓની ક્ષમતાઓ વિશે ભાગ્યે જ વાત થાય છે. સારું છે કે રાજ્ય અને કેન્દ્ર સરકારની ભરતી પ્રક્રિયા અંતર્ગતની પરીક્ષાઓ આ બેરોજગારોને સમયાંતરે એ અહેસાસ કરાવતી રહે છે કે તેઓએ તેમના અભ્યાસકાળમાં અને પછી કેટલો વ્યર્થ રઝળપાટ કર્યો છે ! એટલે કે જલસા જ કર્યા છે. એમાં કોરોના નામક જે વેકેશન બહુ લાંબુ ચાલ્યું એમાં તો હીરા ને પથરા બેય પર ધૂળ ચડી ગઈ છે. બહારથી દેખાતા રોલમોડેલ ઉપરાંતના પણ કેટલાક રોલમોડેલ હવે દેખાવા લાગ્યા છે, આ એક નવી હવા છે, જેમાં સરકારી પરીક્ષાઓમાં સફળ નીવડતા ઉમેદવારો છે. કલાસ - વન કે કલાસ - ટુની વાત તો ઠીક છે, સરકારી કર્મચારીઓમાં તલાટી પણ હવે રોલ મોડેલ તરીકે દેખાય છે કારણ કે એ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું કામ ધૂમ કલ્ચરમાં બાઈક ચલાવનારાઓનું તો નથી જ. અત્યારે રાજકારણીઓને ઠપકો આપવાના બહાને આ બેરોજગારોને પંપાળીને જે રીતે ભારતીય સમાજ



ઉછેરે છે તે ખરેખર તો નવી પેઢીનું અહિત જ કરે છે. આજના યુવા વર્ગને ઘઉંની સિઝનમાં એ પણ ખબર હોય છે કે તેમના પરિવારને વાર્ષિક ખરેખર કેટલા ઘઉંની જરૂર હોય છે ? ચોખા ભરવાની સિઝન અને મસાલા તૈયાર કરવાની સિઝન વચ્ચે કોઈ અંતર ખરું કે સાથે જ આવે ? અરે તેમને શાક માર્કેટમાં મોકલીને કહો કે ચાર મહેમાન આવવાના છે એટલે વધારાના શાકભાજી લઈ આવો, તો પણ તેઓ જે થેલી લાવે તેમાંથી ગુણવત્તા અને સપ્રમાણતાને બદલે છબરડાઓ વધુ ઊંચકીને લેતા આવશે. ઘરમાં બેટા... બેટા.... કહીને માત્ર ઉછેરીને મોટા કરી આપેલા આ સંતાનો તેમની પોતાની જ જિંદગીમાં અધિક વાત્સલ્યના ગેરલાભ જાણે એ પહેલા એને વ્યવહાર જ્ઞાન આપવાની જરૂર છે. જે ગુજરાતી સમાજ એક જમાનામાં પોતાની રળતર આવડતની કુશળતા પર મુસ્તાક હતો એ જ ગુજરાતી સમાજ આજે ટચૂકડી જાહેરખબરોમાં પોતાના સંતાનોનું ભવિષ્ય શોધતો થઈ ગયો હોય તો એના કારણો બહુ નિરાંતે, બહુ ઊંડાણથી અને કોઈનાય ઉપર આક્ષેપ કર્યા વિના શોધવા પડશે. આપણી નવી પેઢીમાં ક્ષમતાઓ છે તે આમ તો તેને વ્યર્થ પ્રશંસાઓથી બુઠ્ઠી કરી નાંખ્યા વિના દિશા આપવા માટેની છે. પરંતુ સંખ્યાબંધ પરિવારો એવા પણ જોવા મળે છે કે જેમણે સંતાનોને પડતા મૂકી દીધા છે. એટલે કે વિવાદ કે ચર્ચા ટાળવા માટે વડીલો, આ સંતાનોને સાંભળીને તુરત સંમત થઈ જાય છે. આને કારણે નવી પેઢીને એક જ મુદ્દામાં અનેક ડાયમેન્શનથી વિચારશીલતા અને તાર્કિકતા કેળવવાનો જે લાભ મળવો જોઈએ તે બાકી રહી જાય છે. ટેકનોલોજીનો વિકાસ સર્વસ્વીકૃત છે. એ રૈનાવિકસી ગયેલી ટેકનોલોજીને આ નવી પેઢી જે અકારણ મનોરંજનસરનો સમય આપે છે તે અસ્વીકૃત છે. આ મતભેદનો વિસ્તાર છે. તેઓ કહે છે કે આ મોબાઈલ ફોન જ અમારું કાર્યાલય, બ્રિફકેસ, મિત્રમંડળ જે કહો તે છે. વડીલો હજુ તેમની સાથે સંમત નથી, કારણ કે તેઓ જુએ છે કે પીરસાયેલી ગરમાગરમી ગુજરાતી માધુર્યથી મહેંકતી અને માતૃહસ્તેન ભોજનમ્ પ્રમાણે તૈયાર થયેલી સોનેરી ટુકડા કે દાઉદખાની ઘઉંની રોટલી સાવ ઠરીને ઠીકરું ન થઈ જાય ત્યાં સુધી સંતાનો થાળી પર બેસતા નથી. તેમના હાથમાં જ એક એવું ચુંબક છે જેની સાથે મોબાઈલ ફોન હવે સર્વકાળે એટેચ છે. આ એટેચમેન્ટને કારણે પરિવારના કુદરતદત્ત અનેક સુખ ડિટેચ ને ક્રોસ થઈ રહ્યા છે. મિસ્ટર મોદીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયાની નવી પરિભાષા તરતી મૂકી એને કારણે કેટલાક સંતાનો તેમના વાલીઓને કહી રહ્યા છે કે આપણી પાસે મૂળભૂત કેપિટલ જ નથી તો હું આંતરપ્રિનિયોર શી રીતે બનું? વાલીઓની કેપિટલ જ આ સંતાનો છે. તેમણે સંતાનો માટે બધું જ સમર્પિત કરેલું હોય છે. ઘણા ગુજરાતી સંતાનો ઈચ્છે છે કે તેમના માતા-પિતા તેમના બિઝનેસને સેટ કરી આપે. ખરેખર આ અપેક્ષા બહુ વધારે પડતી છે અને વળી આવી અપેક્ષા એ લોકો રાખે છે જેઓ ભણવામાં તો ઢગલાના ઢ હોય છે પરંતુ કોઈ પણ પ્રકારની મહેનત તેમને કરવી હોતી નથી. એટલે માતા પિતા જ્યારે ઢળતી સંધ્યાએ પહોંચ્યા હોય અને સરકારી કર્મચારી હોય ત્યારે જુવાન છોકરાઓની નજર પછી વડીલોના પેન્શન પર હોય. આજે ગુજરાતમાં માત્ર વડીલોના પેન્શન પર નભતા યુવાનોની સંખ્યા કંઈ ઓછી નથી અને એ ગુજરાતી સમાજનું સૌથી મોટું લાંછન છે. પિતાનો રૂપિયો વાપરવો એ ખોટું નથી, પરંતુ બેઠા-બેઠા પિતાનો રૂપિયો ખાવો એ ખોટું છે. પિતા પાસે ગમે તેટલી સંપત્તિ હોય કે પેન્શન અથવા વ્યાજની આવક હોય તો એ કઈ પિતા સ્વર્ગમાં સાથે લઈ જવાના નથી. એ સંતાનોના કલ્યાણ માટે હોય છે, લાભ માટે નહિ. લાભ અને કલ્યાણ વચ્ચેનો ભેદ સમજી લેવો જોઈએ. આદર્શ સ્થિતિ એ છે કે પિતાનો ખાલી ટેકો લેવાનો હોય અને એ ટેકો પણ સંકટ સમયમાં લેવાનો હોય. બાકી તો આપ કમાણીથી મળતા મીઠું-રોટલો ખાવાના હોય. જે યુવાનોએ લગ્ન કરી લીધા છે, પરંતુ પોતાના કુટુંબને કરકસરમાં મીઠું ને રોટલો ખાઈને દિવસો પસાર કરતા શીખવાડ્યું નથી અને મોજમજા જ કર્યે રાખી છે એમને માટે હવેનો સમય સારો નથી. કારણ કે દેશમાં ચાલુ થયેલા મંદીના પ્રવાહો હવે ત્રીજા વર્ષમાં પ્રવેશવા આવ્યા છે. હવે મંદીનો ઘેરાવો વધવાનો છે. જિંદગીનો અર્થ એ છે કે જેમાં ચમત્કારની કોઈ સંભાવના નથી. તમે ગઈકાલે કરેલી મહેનતનો રોટલો આજે આરોગી રહ્યા છો અને આજે જે મહેનત કરશો એનું ફળ તમને આવતીકાલે એટલે કે ભવિષ્યમાં મળવાનું છે. આ સિવાયનું આવક માટેનું બીજું કોઈ ગણિત નથી. દેશમાં દસ ટકા પરિવારો એવા છે કે જેમાં પુત્ર કે પુત્રી નોકરીએ લાગ્યા નથી અને પિતા નિવૃત્ત થઈને ઘરે આવી ગયા છે. અનેક પરિવારોમાં ઘરના મોભીની નિવૃત્તિ એક આઘાત બની ગઈ છે. જેમણે આખી જિંદગી તડકો વેઠીને સર્વ અંગત સુખનો ત્યાગ કરી પરિવારનું પાલનપોષણ કરી સુખ આપ્યું તેને નિવૃત્તિ વેળાએ પણ ઘરમાંથી હાંકી કાઢીને ફરી કામે જોતરવા માટેની ઝુંબેશ જોવા મળે છે. કોઈના વાંકની વાત નથી, સંયોગ જ એવા છે. સંતાનો યુવાન થઈને માથે પડે એ પહેલા એને ચાબુક જેવી માર્ગદર્શક કમાલ બતાવીને હૂંફ - હિંમત આપી કામે ચડાવવાની જરૂર છે. કંઈ જ કામ કરવું નથી અને જલસા કરવા છે - આવી રોગગ્રસ્ત મનોવૃત્તિને કારણે સંખ્યાબંધ પરિવારો શહેરમાં હતા તે ગામડે અને ગામડે હતા તે હવે ખેતર કે વગડામાં રહેવા જતા રહ્યા છે. સમસ્યા એટલી ગંભીર છે પરંતુ મોજમજાની મહેફિલોમાંથી મુક્ત થઈ એના પર વિચારવાનો જાણે કે પ્રજા પાસે સમય જ નથી. જે મનુષ્યના હાથ કામગરા નથી તેને માટે આ બ્રહ્માંડમાં ક્યાંય જગ્યા નથી. કામ કરો, પારિશ્રમિક મેળવો અને જીવન નિભાવો આ સિવાયની બધી વાતો માત્ર તરંગી પરીકથાઓ છે અને આવી કથાઓના વકતાઓનો આપણા દેશમાં પ્રલય થયેલો છે. ■

# અચાનક જાળિયામાંથી તેણે એક ભયાનક દૃશ્ય જોયું

લઘુ-નવલકથા

યોગેશ પંડયા




'રેવડી બજાર' ના એક ખૂણે રહેલી તેની 'જનતા પસ્તીવાલા' નામની વખાર જેવી લાગતી દુકાનમાં તેનો સાત વર્ષનો ટેણિયો સાહિલ કયારનોય બેઠો બેઠો ખાંખાખોળા કરી બાપને પજવતો હતો. ગામેગામથી આવતી પસ્તી અને ભંગારના ઢગલા વીંખતો વીંખતો એને મનગમતું કોઈ ભંગારી રમકડું મળી જાય તો તેને જાણે જન્નત જેવો આનંદ મળતો હતો. આજે રવિવાર હતો અને તેને સ્કૂલે જવાનું નહોતું. ઘરે રહીને નકરાં તોફાન કરતો અનાડી સોહિલ ઘરના કર્યા કામ વીંખી નાખતો હતો એટલે ખાવિંદ જુનેદ જયારે ધંધે જવા નીકળ્યો ત્યારે જ સલમાએ તેને સોહિલ સોંપતા કહ્યું : આ બખેડુને આજ તમે તમારી સાથે જ લેતા જાવ. ઘરે રહીને મારા કામ બગાડે છે. જો કહું તો કયાંક ભાગી જાય છે. પછી એને શોધતા ફીણ આવી જાય છે..!'' એટલે જુનેદ તેને વખારે લઈ આવ્યો હતો. પણ પગ વાળીને બેસે એ સોહિલ નહીં. લારીમાંથી કે ખટારીમાંથી આવતી પસ્તીને એકલપંડે ગોઠવતા ગોઠવતા જુનેદને આજે મોઢે ફીણ આવી ગયા હતા કારણ કે આજે નોકર અરશદની અમ્મા બીમાર હતી એટલે દવાખાને લઈ ગયો હોવાથી આવી શક્યો નહોતો. એટલે જુનેદ થાકી-પાકીને લોથપોથ થઈ ગયો હતો અને ઉપરથી પોતાનો આ માથાફરેલ બાદશાહ કયાંય સખ લેવા દેતો નહોતો. જુનેદે એને શાંત રાખવા આખરે મોબાઈલ આપ્યો. સ્હેજ ખિજાઈને ગાલે ચીમટો ભરીને તેણે દુકાનની ગાદી ઉપર બેસાડી દીધો : '' અભી દો ઘંટા ઈસ ગદ્દી સે ઉઠા તો યહાં સે માર માર કે ઘર પે લે જાઉંગા સમઝા ! ચલ બૈઠ...'' સાહિલ ઘડીક રોયો પણ અવળચંડુ મન !!

મોબાઈલ પડતો મૂકી ફરી પાછો પસ્તીમાં આવેલ ખડકલામાં પરોવાયો. એક પસ્તીના બંચમાં તે ડ્રોઈંગબુક જોઈ ગયો અને પસ્તીની દોરી આંચકો મારીને તોડી નાખી એ ભેળા જ છાપાં ઢગલો થઈને પડયા. સોહિલે પેલી ડ્રોઈંગબુક શોધી કાઢી ત્યાં જ ડ્રોઈંગબુકમાંથી એક પડીકી મળી આવી.

ચડ્ડી ચડાવતો ચડાવતો સોહિલ જુનેદ પાસે પહોંચ્યો : ''અબ્બુ, અબ્બુ, પસ્તીમાંથી આ પડીકી મળી... પછી છેં ને હેં ? છે ને હેં ??'' ગભરાતો ગભરાતો એક બાળક તેના બાપને કહી રહ્યો : '' મેં પડીકી ખોલીને જોયું તો '' જુનેદ સીમકાર્ડ અને પડીકીને તાકી રહ્યો : ''અરેરે... આ કોનું હશે ?'' હડફડ થતો થતો પસ્તીના ઢગલા પાસે આવ્યો તો દીકરાએ પસ્તીના બંચની દોરી તોડી કારવીને પસ્તી રમણભમણ કરી નાખી હતી.

'આ ઢગલામાંથી આ ડ્રોઈંગબુકમાંથી...'' સોહિલે આંગળી ચિંધી, આઘે ઊભા રહીને પેલા ઢગલાને બતાવ્યો અને બાપની આંખમાં તાકી રહ્યો તેને ડર હતો કે બાપ હમણાં નાખવાવાળી કરશે પણ, તેના આશ્ચર્ય વચ્ચે જુનેદે તેને પસ્તીમાં આવેલો તેલનો ખાલી ડબ્બો ચિંધ્યોને કહ્યું : ''અહીં, આ ડબા ઉપર બેસી જા...'' અને પોતે આ પસ્તીનું સરનામુ શોધવા લાગ્યો...

----

દગડુ પાછળ જોતો જોતો ચાલીમાં પ્રવેશ્યો અને એક ઓરડી પાસે અટક્યો. ઓરડીનું બારણું ખટખટાવ્યું... બારણું ખૂલ્યું એ ભેળો એ વાવાઝોડા જેમ અંદર ધસી ગયો. ''તું ?'' અંદરથી એક સ્ત્રી બહેકીને બોલી : ''ક્યાં હતો અત્યાર સુધી ?'' જવાબમાં એણે તે સ્ત્રીને ધક્કો માર્યો. પેલી પડતા પડતા બચી. તે સ્ત્રીની આંખોમાં ગુસ્સાના લાલ લાલ ટશિયા ફૂટયા જાણે. તેણે દગડુનો હાથ ખેંચ્યો : '' કહાં ખો ગયે થે તુમ ? બોલો... બોલો... અરે લલ્લન કો તેજ બુખાર થા. ડોલી કા ઓપરેશન કરવાના થા મા આખરી સાંસ લે રહીથી ઔર કિસી સે ભી કહે બિના તુમ હમ સબ કો છોડ કર કહાં ભાગ ગયે થે ? બોલોના...'' જવાબમાં એક ભૂંડી ભખ ગાળ દઈને એ જાળિયામાંથી બહારની દિશા તરફ જોવા લાગ્યો. નીકળ્યો ત્યારે ઓટોમાં પોતાની સાથે બેસવા જતો પેલો છોકરો (જીમ્મી) તેને ડાઉટફુલ લાગ્યો હતો. એ છોકરો સુજાનગઢથી સાથેને સાથે જ હતો અને ટ્રેનમાં પણ પોતાનો પીછો છોડતો નહોતો. પોતે ઓટો શોધતો હતો ત્યારે પણ જાણે તે પોતાની ઉપર વોચ રાખી રહ્યો હતો. તેને થયું કે એ છોકરાને પહેલા પણ કયાંક જોયો તો છે જ.... એણે મગજ ઉપર ટપલી મારી : ''અરે ઓ ભેજા, તુમ કહા ખો ગયે. બતાના સાલ્લે....''

આ તરફ માનો ખાંસવાનો અવાજ એક અંધારિયા ખૂણામાંથી આવી રહ્યો હતો અને પત્ની તેનો કોલર ખેંચીને પૂછતી હતી : ''તુમ કિધર ચલે ગયે થે ?''

અચાનક જાળિયામાંથી તેણે એક ભયાનક દ્રશ્ય જોયું પેલો દાઢીવાળો છોકરો બે આદમી સાથે આ તરફ આવી રહ્યો હતો.. આ છોકરો ? સાલ્લો... કમબખત... મારી પાછળ જ પડયો છે. પણ આ છોકરાને... કયાં કયાં... કયાં.... ?? પ્રશ્નાર્થોના કાળાડિંબાગ વાદળો વચ્ચે યાદની વીજળી ચમકી : ''અરે હા, આ તો પેલો લેબોરેટરીની બહાર જ મળ્યો હતો... પોતાને તાકી રહ્યો હતો શંકા ભરી નજરે... હા, તેની સાથે એક છોકરી હતી. તે જ તો કદાચ....

એ દોડયો. અંધારામાં ને અંધારામાં અંધારી ઓરડીનું પાછલું બારણું ખોલીને ભાગ્યો. પત્ની ચીસો પાડતી રહી પણ પાછું જોયા વગર જ તે નાઠો.

---

અનિતાનો ફોન રણક્યો ' હલ્લો ' અનિતાએ ફોન કાને લગાડયો ''આપ અનિતાસિંઘ બોલ રહી હોં?'' સામે છેડેથી કોઈ અજાણ્યા પુરૂષનો અવાજ સંભળાયો.

' જી મેં હી અનિતા હું. આપ કો કિસકા કામ હૈ ? આપ કૌન હૈ ? ''

''જી, મૈં આઝમગઢ સે જનતા પસ્તીવાલા જુનેદ બોલ રહા હું. મેં આપ કો પૂછ સકતા હું કિ આપકા મોબાઈલ કા કોઈ સીમકાર્ડ ગૂમ હો ગયા હૈ ?''

''મોબાઈલ કા સીમકાર્ડ ? ઔર મેરા ? '' અનિતા વિચારમાં પડી ગઈ : નહીં તો ?... લેકિન આપ કે પાસ મેરા મોબાઈલ નંબર આયા કૈસે ?''

''દેખો. મેરે પાસ પસ્તી કા બહોત બડા ધંધા હૈ. ગાંવ-ગાંવ કી પસ્તી આતી હૈ. ઈસમે સે એક અખબાર કે કાગઝ કી પડીકી મીલી હૈ. ઉસમે સે એક સીમકાર્ડ મિલા હૈ. વો પસ્તીકા ઢેર દેખા તો એક નોટબુક મિલી ઉસમે સે આપકા નામ ઔર મોબાઈલ નંબર મિલા શાયદ યે આપકા હોગા.''

અને અનિતાના મગજ ઉપર જાણે વીજળી ખાબકી. જીમ્મીએ ભારે અફસોસ સાથે કહ્યુ હતું કે પસ્તીમાં સીમકાર્ડ તો ગયું. તારી, પાસેથી લખવા માટે લીધેલી એકાઉન્ટની નોટ્સ પણ મમ્મીએ પસ્તીમાં આપી દીધી... આપણું એક હથિયાર ખોવાઈ ગયું યાર નહિતર એ સીમકાર્ડમાથી ઘણાંય પગેરા મળી જાત !!''

''અરે હા ભૈયા... વો સીમકાર્ડ તો મેરે દોસ્ત કા હી હૈ... પ્લીઝ, આપ અપને પાસ રખીયેગા. મેરી નોટબુક ભી પસ્તી મેં ચલી ગઈ થી. વો યાદ આ ગયા ભૈયા...પ્લીઝ, આપ યે નંબર પે આપકા પતા ભેઝ દોના મૈં આજ હી જીમ્મી કો આઝમગઢ ભેઝ દુગી આપ કે પાસ...''

''ઠીક હૈ બહેનજી... ખુદા કા શુક્રિયા. ઈસ સીમકાર્ડ સે હી પતા ચલ ગયા ઈસી લીયે...'' અને તેણે ફોન મૂકતા કહ્યું '' યે નંબર પર ફોન કીજીયેગા મૈં આપકો સહી ઠીકાના ફોન પે હી બતા દુંગા...''

પણ ફોન ઉપર ખોવાયેલા સીમકાર્ડની વાત કરતી અનિતાને જોઈને રવિના ચોંકી. તે અનિતા પાસે સાવ અડતી આવીને ઊભી રહી ગઈ. ફોન પૂરો કર્યો પછી અનિતાનું મગજ તેજીથી કામ કરવા માંડયું.. સીમકાર્ડ મળી ગયું એટલે રાજજા! તે જીમ્મીને બતાવવા જ જતી હતી ત્યાં જ રવિનાએ અધિરતાથી પૂછયું : '' અનિતા, કયા સીમકાર્ડની વાત ચાલે છે ? તારૂં સીમકાર્ડ ખોવાઈ ગયું હતું કે સરનું ? ''

''કોઈનું નહીં. તારે શું પંચાત છે ? '' જીમ્મીને ફોન કરવા દૂર હટી જતી અનિતા તણખી : '' તું તારૂં કામ કર...''

રવિના ભોંઠી પડીને રસોડા તરફ વળી અને અનિતાએ જીમ્મીને નંબર ડાયલ કરતી હતી ત્યાં જ અનિતાના ફોનમાં બાપુનો કોલ આવ્યો.

''હલ્લો બાપુ...''

''અનિતા,'' સામે છેડે રૂદ્રવિજયસિંહ હતા. કહેતા હતા : '' મેં કાર લઈને બટુકને મોકલ્યો છે. હવે પહોંચવામાં જ હશે. તારા ભાભીને કાલની તબિયત નાજુક છે. તું તારા બાને તૈયાર રાખ એટલે તરતોતરત જ તારા બાને તેડીને બટુક પાછો વળી શકે. ''

''જી બાપુ...''

અડધી કલાકમાં જ ગાડી આવી ગઈ અને રાજેશ્વરીબા મોટા પુત્રવધૂની ડિલિવરી અર્થે રવાના થઈ ગયા (ક્રમશઃ) ■

# સમયને કોઇનું બંધન ફાવતું નથી




ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

જે પરિસ્થિતિમાં અને જ્યાં હોઈએ ત્યાં અનુકૂળ થઈને રહીએ તો જ મનને અને શરીરને આનંદ પ્રાપ્ત થાય. પરંતુ જ્યોતિને આવા કોઈ આનંદની જરાય પડી જ નહોતી. તેનો લક્ષ્ય, તેનો ઈરાદો તો તદ્દન અલગ જ પ્રકારનો હતો.

એ તો વિચારતી હતી કે, એ સમય કયારે આવે, એ પળ કયારે આવે કે હું ચઢળક ખુશીમાં ઝૂમી ઊઠું, નાચી ઊઠું અને મારી સાથે એક એવો ચહેરો પણ ખુશીથી નાચે અને ઝૂમે ! પરંતુ..., એ ક્ષણ ક્યારે આવશે ?

સમયને કોઈનું બંધન ફાવતું નથી. એ તો એની રીતે ચાલ્યા જ કરે છે. એક પગ જરા ઊંચો રાખી, બન્ને હાથ માથા પાછળ ગરદન પર રાખી જ્યોતિ તો આડી પડી હતી. ગહન વિચારોમાં તેની આંખો તો બંધ હતી.

બરાબર આ સમયે જ દામલ જરાપણ અવાજ કર્યા વગર રૂમમાં દાખલ થયો. તેણે જોયું તો તેની માશુકા, હુશ્ન પરી કંઈ અનેરી અદામાં પલંગ પર સૂતી હતી. તેની આંખો બંધ હતી. એટલે કંઈપણ બોલ્યા વગર તેના માથા પાસે ઊભા રહી પ્રિયતમાના હુશ્નને જાણે પીવા માંડયો. પરંતુ ત્યાં તો તેના શરીરમાં ભારેખમ સળવળાટ થવા માંડયો. તેના અંગે-અંગ ઉત્તેજિત થવા લાગ્યાં. ને દામલે તેના હાથની એક આંગળી... જ્યોતિના પરવાળા જેવા હોઠ પર ધીમેથી મૂકી દીધી, પછી આમ-તેમ ફેરવી...

આવું થતાં.... એ જ સ્થિતિમાં જ્યોતિએ તેની પાંપણ ઝડપથી ધ્રુજાવી ખોલીને જોયું તો સામે ઊભો ઊભો દામલ સ્મિત કરતો દેખાયો.અત્યારનું તેનું સ્મિત પણ ભારે મજાનું ને મારકણુ હતું. એટલે તો જ્યોતિના હોઠનો એક ખૂણો જરા વંકાયોને સ્મિત થઈ ગયું. ને એ ઘડીએ દામલે ઝડપથી વાંકા વળીને જ્યોતિના હોઠ સાથે તેના હોઠ ચપોચપ ભીડી જ દીધા. એક ભવ્ય ચુંબન... હોઠો પર ચીતરાઈ ગયું.

થોડી મિનિટોની મજા આમ તો કયારેક જિંદગીભરની સોનેરી યાદ બની જઈ કદાચ ભવોભવ ચમકયા કરે તો નવાઈ નહીં. દામલના હોઠ ઊંડા શ્વાસ સાથે દૂર થતાં જ જ્યોતિએ તેની પાતળી આંગળી વડે હોઠને લૂછયા. પછી જરા મરક મરક હસતાં બોલી : ''મજા આવી ?'' '' ખૂબ મજા આવી, પણ...'' દામલ આગળ બોલ્યો : '' આ તો શેરડી જેવું છે. ચાવ્યા કરીએ ને ચગળ્યા કરીએ તેમ તેમ તેમાંથી મીઠો મીઠો રસ ઝર્યા જ કરે, ઝર્યા જ કરે....''

''તારી વાત હું સાચી માનુ છું...'' જ્યોતિ આગળ બોલી : '' આ ચુંબનથી ઉત્તેજીત થઈ ગઈ છું. મારા અંગો ઉપસવા લાગ્યા છે. પણ.... આજે હું ખૂબ થાકી ગઈ છું મને ધરાર ઊંઘ આવે છે. મને પણ ઘણું ઘણું કરવાની ઈચ્છા ખૂબ જોર કરી રહી છે પરંતુ..., શરીર સાથ ન આપે તો... તને પણ મજા ન જ આવે. એટલે હું તને એમ કહેવા માંગુ છું કે... મને ઊંઘી જવા દે તો સારૂં પરંતુ હા, હું ભલે ઊંઘી જાઉં... પણ તને કોઈ પ્રકારની ના નથી. આ મારૂં શરીર તો તારે હવાલે જ છે. તારે જે કરવું હોય તે, જે મજા કરવી હોય તે કર. મને જરા પણ વાંધો નથી. અને મેં એવું પણ સાંભળ્યું છે કે, ઊંઘમાં ખેલાતી રતિક્રિડા છોકરીઓને વધારે આનંદ આપે છે. એટલે એનો પણ અનુભવ મને મળે બસ, તો હવે હું ઊંઘી જાઉં.... ?''

''તું મારા શ્વાસ છે. હું ના નહીં કહુ. ઊંઘી જા... લાવ હું તારા ગાલ પર મારો હાથ ફેરવું... ને તું ઊંઘી જા... બસ !'' દામલે તેનો હાથ જ્યોતિના ગાલ પર ધીમે ધીમે ફેરવવો શરૂ કર્યો. ને સાચે જ જ્યોતિ થોડીવારમાં ઊંઘી ગઈ.

જ્યોતિના ગાલ પર હાથ ફેરવતાં ફેરવતાં દામલ વિચારોમાં ઘેરાયો. એ મુંજાતો હતો તેનું કારણ તેના હાથમાં માત્ર આજની જ રાત હતી. પછી આવું સ્થળ, આવી જગા, આવું વાતાવરણ, આવું એકાંત અને આવો મોકો ક્યાં મળવાનો હતો ? અત્યારે તો એક એક મિનિટ પણ ખૂબ કિંમતી હતી.

હવે જ્યોતિને તો એમ જ ઊંઘવા દઈ દામલ ધીમેથી ઉભો થયો, મતલબ કે ઊંચો થયો... ને બાથરૂમ તરફ ચાલ્યો. બાથરૂમનું બારણું બંધ કર્યા વગર જ તેણે નાઈટ ડ્રેસ પહેર્યો. બાથરૂમમાંથી બહાર નીકળી ચાલીને તેણે રૂમનું બારણું અંદરથી બરોબર બંધ કર્યું. પછી જ્યોતિ પાસે આવી તેને અડીને જ લાંબો થઈ ગયો.

કહેવાય છે કે પુરૂષ તેની ઈચ્છાને વધુ વાર સુધી દબાવી શકતો નથી. એટલે ઈચ્છા ન હોય તો પણ બસ થોડી મજા કરવાનું મન તો થાય જ છે. એવું જ કંઈક સ્ત્રી અથવા છોકરીનું હોય છે. ના.... ના.... ના.... કરતાં પણ હા... હા... હા... કરતી સાથ આપી ભળી જાય તે ભોળી દેખાતી સ્ત્રી...! એવું જ કંઈ અત્યારે દામલને મનોમન થયું. સાવ અંધારૂં તો હતું જ માત્ર ને માત્ર સ્પર્શથી એકબીજાના અંગોનું જ્ઞાન મેળવવાનું હતું એ સિવાય બીજો કોઈ રસ્તો પણ ન હતો.

જ્યોતિ તો ખૂબ થાકી ગઈ હતી, ગઈ રાતનો પણ ભારે ઉજાગરો તો હતો જ એટલે તેને ઊંઘ આવે તે સ્વાભાવિક છે. પરંતુ કદાચ બહાનું હોય તો... ? બની પણ શકે... આવું દામલ વિચારતો હતો. (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# પૂર્વ સાંસદ નારણ કાછડીયાની રજૂઆતનાં પગલે અમરેલી જિલ્લામાં કેન્દ્રીય વિદ્યાલયની સ્થાપના થશે

**ગ્રામીણ વિદ્યાર્થીઓને શહેર જેવુ જ શિક્ષણ મળી શકશે**

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લા માટે ખુશખબર સમાચાર સામે આવ્યા છે. ભારત સરકારે દેશભરમાં ૮૫ નવા કેન્દ્રીય વિદ્યાલયો સ્થાપવાની મંજૂરી આપી છે, જેમાં અમરેલીનો પણ સમાવેશ થાય છે. આ મંજૂરી અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાના અથાગ પ્રયાસોનું પરિણામ છે.

પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે દેશના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા માટે આ નિર્ણય લીધો છે. આ નવા કેન્દ્રીય વિદ્યાલયો દ્વારા



અમરેલીના બાળકોને આધુનિક સુવિધાઓ સાથેનું શિક્ષણ મળશે. અમરેલી જિલ્લામાં કેન્દ્રીય વિદ્યાલયની સ્થાપનાથી જિલ્લાના વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મળશે. આ સાથે જ જિલ્લામાં શૈક્ષણિક માહોલ પણ સુધરશે.

ભારત સરકારની આ પહેલથી દેશના ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓને પણ શહેરો જેવું શિક્ષણ મળી શકશે. આનાથી દેશના સર્વાંગી વિકાસમાં મહત્વનો ફાળો મળશે.આમ, પૂર્વ સાંસદે કરેલા પ્રયાસોનું અમરેલી જિલ્લાને ફળ મળ્યુ છે.

# અમરેલીમાં ઈ-કેવાયસી અને વય વંદના કાર્ડ કેમ્પમાં ૧૪૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો

**ધારાસભ્ય કૌશિક વેકરીયાની પહેલને અભુતપૂર્વ પ્રતિસાદ**

અમરેલી,તા.૦૭

અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયા દ્વારા જેસીંગપરા ખાતે આયોજિત આયુષ્માન વય વંદના કાર્ડ તેમજ રેશનકાર્ડ e-KYC કેમ્પમાં ૧૪૦૦ થી વધુ લાભાર્થી સહભાગી થયા હતા. આ અગાઉ



કૌશિકભાઈ વેકરીયા દ્વારા અમરેલી શહેરના વોર્ડ નં ૩ અને વોર્ડ નં ૧૧ ખાતે આયોજિત e-KYC અને આયુષમાન વય વંદના કાર્ડના કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ અંગે કૌશિકભાઈ વેકરીયાએ એક યાદીમાં જણાવ્યું હતું કે, સરકારની સેવાઓને મેળવવા માટે નાગરિકોએ કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેમજ વૃદ્ધોને કોઈ તકલીફ ના પડે તે માટે વહીવટી તંત્રને જે તે વોર્ડમાં મોકલી વિસ્તારના નાગરિકોને ઈ-કેવાયસી તથા આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં અમરેલી શહેરના તમામ વોર્ડમાં અને અમરેલી-વડિયા-કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારના તમામ ગામમાં આ પ્રકારના કેમ્પ યોજી નાગરિકોને રાજ્ય સરકારની સેવાનો લાભ આપવા માટે અમે માધ્યમ બનીશું.

# અમરેલીમાં ચેક બાઉન્સ કેસમાં નિર્દોષ છુટકારો

અમરેલી, તા.૦૭

અમરેલીમાં બે લોકોને રાજકોટના વેપારીએ ચેક આપ્યા બાદ બાઉન્સ થતા કોર્ટે આરોપીની તરફેણમાં ચુકાદો આપ્યો છે. અમરેલીના રહીશ આશીષભાઈ કનુભાઈ ટાંક તથા કનુભાઈ ભીમજીભાઈ ટાંકને ટ્રાન્સપોર્ટની ભાગીદારનાં ધંધા અંગે રાજકોટના હીતેશભાઈ મગનભાઈ બાણુગરીયાએ આપેલ ચેકો બાઉન્સ થતાં તે અંગેનો કેસ અમરેલીનાં એડીશનલ જજ ચીફ વ્યાસની



કોર્ટમાં ચાલી જતા ના.અદાલતે આરોપી તર્ફે વિદ્વાન વકીલ ડી.એન. આગોલાની ધારદાર દલીલો ધ્યાને લઈ આરોપી હીતેશભાઈ મગનભાઈ બાણુગરીયાને નિર્દોષ ઠરાવી મુકેલ છે.

# ભાવનગરમાં પૂ. મોરારિબાપુ તથા માતાજીઓના હસ્તે ચારણ વિદ્યાલયના નવા સંકુલનું ભૂમિપૂજન

ભાવનગર,તા.૦૭

ભાવનગરમાં કૃષ્ણકુમારસિંહજી ચારણ વિધાલય ખાતે નવા બનનાર શૈક્ષણિક સંકુલના ભૂમિપૂજનનો કાર્યક્રમ તા. ૪ ડીસેમ્બરના રોજ પૂ. મોરારિબાપુ તથા પ.પૂ. કંચનમા (મઢડા), પ. પૂ. રૂપલમા (રામપરા), પ.પૂ. દેવલમા (બલિયાવડ) તથા પૂ.ગિરીશઆપા (મઢડા)ના હસ્તે યોજાયો હતો. પૂ. મોરારીબાપુએ આશીર્વચનમાં પરમાત્મા શિવ સાથેના સહવાસનું ચારણોનું વર્ણન વર્ણવ્યું હતું અને ચારણો પ્રત્યેની પોતાની પ્રીતિને



દોહરાવી હતી. તેમજ પૂ. સોનલમાના સમાજ ઉત્થાનના કાર્યોને વર્ણવ્યા હતા. પૂ. દેવલમાએ પણ આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે પૂ. કાગબાબુના પ્રપૌત્ર ઈશ કાગે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યુ હતું. પૂર્વ ગૃહપતિ સ્વ. ધનરાજભાઈ દેવકરણભાઈ નૈયા તથા સંસ્થાના પૂર્વ પ્રમુખો સ્વ.નારણભાઈ મધુભાઈ મહેડું, સ્વ. દુલા ભાયા કાગ, સ્વ. રામભાઈ રાયખાભાઈ આલગા, રામભાઈ દુલાભાઈ કાગ, મંત્રીઓ અને ગૃહપતિઓનુ સન્માન કરવામાં આવેલ હતુ. લોકગાયક કીર્તિદાન ગઢવી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારમાં હોમગાર્ડ સ્થાપના દિન ઉજવાયો



કોડીનાર,તા.૦૭

ગીર સોમનાથ જિલ્લા કમાન્ડન્ટ ઠાકરના માર્ગદર્શન હેઠળ હોમગાર્ડ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમ્યાન હોમગાર્ડ યુનિટ દ્વારા મુખ્ય માર્ગ પર રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમજ કોર્ટ કમ્પાઉન્ડ અને જીવન દિપ દિવ્યાંગ બાળકોની સંસ્થાનાં બાળકો સાથે મુલાકાત લઈ સંસ્થાને ૨ નંગ ટેબલ ફેન ભેટ અર્પણ કરવામાં આવ્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમ હોમગાર્ડ સ્ટાફ સહયોગથી સફળ બનાવવામાં આવ્યુ હતુ.

# સાવરકુંડલામાં ૧૦ કરોડનાં ખર્ચે રસ્તાઓનું નવીનીકરણ થશે

સાવરકુંડલા, તા.૦૭

ગુજરાત સરકારની મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ સાવરકુંડલા શહેરના ૧ થી ૯ વોર્ડના રસ્તાઓના નવીનીકરણ માટે રૂ. ૧૦૦૪.૯૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ મંજૂરી માટે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અથાગ પ્રયાસો સફળ થયા છે. આ યોજનાથી શહેરના રસ્તાઓનું નવીનીકરણ થશે,



જેનાથી વાહન વ્યવહાર સરળ બનશે અને નાગરિકોને સુવિધા મળશે. આ સાથે સાવરકુંડલા શહેરનું સર્વાંગી વિકાસ થશે અને શહેરનું મુખ્ય ચિત્ર બદલાશે. સારા રસ્તાઓના કારણે શહેરના નાગરિકોને સુરક્ષિત અને આરામદાયક વાહનવ્યવહારની સુવિધા મળશે. આ મંજૂરી બદલ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનો નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તેમજ ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી અને તમામ સદસ્યો દ્વારા આભાર માનવામાં આવ્યો છે.

# તમામ ખેત જણસીઓને ટેકાના ભાવથી ખરીદવાની જાહેરાતને ભાજપ કિસાન મોરચાએ આવકારી

અમરેલી, તા.૦૭

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે શુક્રવારે સંસદમાં જણાવ્યું હતું કે, દેશના ખેડૂતોની દરેક નાનામાં નાની જણસીઓ કેન્દ્ર સરકાર ટેકાના ભાવથી ખરીદશે. ખેડૂતોના હિતને સર્વોપરી માનીને સરકારે વધુ એકવાર ખેડૂતો માટે ખુબ જ મહત્વની જાહેરાત કરી છે. માત્ર ૨૨ મોટી જણસીઓ જ નહિ પણ ખેડૂતો પાસેથી તમામ જણસીઓ કેન્દ્ર સરકાર ટેકાના ભાવે ખરીદે એ માટેની જાહેરાત કૃષિમંત્રી



એ કરી છે જે ખુબ આવકારદાયક છે. આ નિર્ણયને ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિતેશભાઈ પટેલ, મહામંત્રી હિરેન હિરપરા તેમજ સરદારભાઈ ચૌધરીએ હર્ષભેર વધાવ્યો હતો.

# ધારી ખાતે ડો.બાબા સાહેબ આંબડેકર નિર્વાણદિનની ઉજવણી કરવામાંઆવી

ધારી,તા.૦૭

ડો. ભીમરાવ આંબેડકરનાં નિર્વાણ દિન નિમિતે ધારી તાલુકાનાં આગેવાનોએ ડો. આંબડેકરની પ્રતિમા પાસે એકત્રિત થઈ જયોત જલાવી,પુષ્પ હારથી ભીમ વંદનાં કરી હતી. આ પ્રસંગે ચતુરભાઈ સરવૈયા, આગેવાન શાંતિલાલ પરમાર, હિંમતભાઈ ખેટરિયા, જીતુભાઈ વાણિયા, પત્રકાર સંજયભાઈ વાળા, સુરેશભાઈ બોરીચા,



પ્રવીણભાઈ દાફડા, કલ્પેશ ચાવડા, અશોકભાઈ દાફડા, સંજય માધડ, કિશોર રાઠોડ, નરેશ મકવાણા, રવિભાઈ દાફડા, કૌશિકભાઈ દાફડા, જનક વેગડા, દિનેશભાઈ ચાવડા, મનાભાઈ દાફડા, જગદીશભાઈ પરમાર, રમેશભાઈ ચૌહાણ, શામજીભાઈ ખાણીયા સહિતના હાજર રહ્યાં હતા.

# રાજુલા ખાતે રવિકૃષિ મહોત્સવનું આયોજન, કૃષિ અંગે માર્ગદર્શન અપાયું

રાજુલા,તા.૦૭

રાજુલા તાલુકામાં આજે રવિકૃષિ મહોત્સવ-૨૦૨૪નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર તાલુકાના ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં તાલુકા અમલીકરણ સમિતિના અધ્યક્ષ અને નાયબ કલેક્ટર, ડૉ. મેહુલ બરાસરા, જિલ્લા ન્યાય સમિતિ ચેરમેનના પ્રતિનિધિ કરશનભાઈ ચૌહાણ, જિલ્લા



તસવીર : ગોપાલ રાઠોડ

પંચાયત સભ્ય વિક્રમભાઈ શિયાળ, હરસુરભાઈ લાખણોત્રા પ્રમુખ, તાલુકા ભાજપના આગેવાનો, ડૉ. હિતેષભાઈ હડીયા, ભાણજીભાઈ શિયાળ, રાકેશભાઈ શિયાળ, કનુભાઈ ધાખડા, એચ.બી. પુરોહિત મામલતદાર, રાજુલા, બી.એન. કલસરીયા, તાલુકા વિકાસ અધિકારી , રાજુલા, એ.એચ.દાણીધારીયા મ.તા. વિ.અ. રાજુલા, કૃષિ વૈજ્ઞાનિકો, ડામોર મદદનીશ ખેતી નિયામક, ધારી, તેરૈયા વિસ્તરણ અધિકારી ખેતી, અને વિશાળ પ્રમાણમાં ખેડૂતો, આગેવાનો તેમજ પશુપાલન, આત્મા યોજના, સહકારી બેંકો વગેરે વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેરિયાનાગસના બાળકોએ ભાવનગરના રિજિયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી

અમરેલી, તા.૦૭

કેરિયાનાગસ પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના ૫૦ બાળકોએ તાજેતરમાં ભાવનગર સ્થિત રિજિયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લઈને વિજ્ઞાનના રસપ્રદ વિશ્વનો અનુભવ કર્યો હતો. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત સરકાર, ગાંધીનગર અને બાલ ભવન અમરેલીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં બાળકોને



વિજ્ઞાનના વિવિધ પાસાઓ વિશે જાણવાની તક મળી હતી. સાયન્સ સેન્ટરમાં આલ્ફ્રેડ નોબેલ વિભાગ, બાયો સાયન્સ વિભાગ, ECM વિભાગ, મરીન એક્વાટિક વિભાગ અને ઓટોમોબાઈલ વિભાગોની મુલાકાત લઈને બાળકોએ વિજ્ઞાનના રહસ્યોને નજીકથી જોયા હતા. સેન્ટરના ગાઈડ અને કર્મચારીઓએ બાળકોને વિવિધ પ્રદર્શનો અને પ્રયોગો દ્વારા વિજ્ઞાનના સિદ્ધાંતો સરળ રીતે સમજાવ્યા હતા. કાર્યક્રમના અંતે બાળકોને પૃથ્વી પર માનવ જીવનના ઉત્ક્રાંતિ કાળની ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ વધી છે અને તેઓ ભવિષ્યમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે પ્રેરિત થશે.

નિકુંજભાઇ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
MARUTI SUZUKI
TOYOTA
મહાદેવ મોટર્સ
TATA
Mahindra
HYUNDAI
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી

# ધોકડવા ગામે આહિર સમાજ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર ગઢડા, તા.૦૭

ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે આહિર સમાજના અગ્રણી સ્વ ગાંગજીભાઈ વસતાભાઈ બલદાણીયાની ઉત્તર ક્રિયા સ્મૃતિમોં ક્રિષ્ના સોસાયટીમાં મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમજ પંચોળી આહીર જ્ઞાતિ સમસ્ત કેળવણી સહાયક સમાજ ટ્રસ્ટ અને પંચાળી આહીર જ્ઞાતિ રાધાકૃષ્ણ મંદિર ટ્રસ્ટના સહયોગથી એક લાખ ૧૧ હજાર દાન આપવામાં આવ્યુ હતુ.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# અમદાવાદમાં બીએપીએસનો કાર્યકર સુવર્ણ મહોત્સવ યોજાયો : ૧ લાખ કાર્યકરોની હાજરી

અમદાવાદ,તા.૦૭

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૭ ડીસેમ્બરે BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' યોજી ઈતિહાસ રચ્યો છે. આ ઐતિહાસિક કાર્યક્રમમાં ૧ લાખ કાર્યકરો સામેલ થયા હતા. પ્રમુખસ્વામીના જીવન ચરિત્રની ૧૦મી આવૃત્તિનું મહંત સ્વામીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંગે પ્રધાનમંત્રી




મોદીએ કહ્યું કે,મારા પર જે પુત્રવત ભાવ હતો, તે શબ્દોમાં વર્ણવવો મુશ્કેલ છે. જનકલ્યાણના કાર્યોમાં પ્રમુખ સ્વામીના આશીર્વાદ હંમેશા મળતા રહ્યા છે. હું તેમની અધ્યાત્મિક ઉપલબ્ધિઓનો અહેસાસ કરી રહ્યો છું. સેવા પરમો ધર્મ માત્ર શબ્દ નહીં પણ જીવન મૂલ્યો છે. જ્યારે તમે જરૂરિયાત મંદને ખવડાવો, કોઈ બાળકને ભણાવો છો ત્યારે તમે માત્ર કોઈ અન્યની મદદ જ નથી કરતા પણ તે સમયે તમારામાં પરિવર્તન પ્રારંભ થઈ જાય છે. આ સેવા લાખો કાર્યકરો સાથે મળીને એક સંગઠીતરૂપમાં કરવામાં આવે છે, આંદોલન સ્વરૂપ આપવામાં આવે છે ત્યારે અદભુત પરિણામ મળે છે.

# ઈડીના અમદાવાદ અને મુંબઈમાં દરોડા, ૧૩.૫ કરોડથી વધુની રકમ જપ્ત કરાઈ

અમદાવાદ,તા.૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ માલેગાંવ મની લોન્ડરિંગ કેસની ચાલી રહેલી તપાસના ભાગ રૂપે મુંબઈ અને અમદાવાદમાં અનેક સ્થળોએ પાડવામાં આવેલા દરોડા દરમિયાન ૧૩.૫ કરોડ રૂપિયાથી વધુની રોકડ જપ્ત કરી હતી. આ સર્ચમાં અમદાવાદમાં છ અને મુંબઈમાં એક જગ્યાને નિશાન બનાવવામાં આવી હતી, જે માલેગાંવ મની લોન્ડરિંગ



કેસમાં મુખ્ય સુત્રધાર આંગડિયા નેટવર્ક સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે. જેની પૂછપરછ કરવામાં આવી તેમાં મુંબઈના ભુલેશ્વર વિસ્તારમાં રહેતા જાણીતા આંગડિયા પિન્ટુ પટેલનો પણ સમાવેશ થાય છે. જેની આ કેસમાં મહત્વની ભૂમિકા હોવાની શંકા છે. તપાસની નજીકના સૂત્રોએ જણાવ્યું કે જપ્ત કરાયેલી રોકડમાંથી રૂ. ૧૩.૫ કરોડ લોન્ડરેડ ફંડમાં રૂ. ૧૪ કરોડનો ભાગ હોવાની શંકા છે. રોકડ ઈડીની તપાસ હેઠળ છે. તપાસ દરમિયાન, ઈડીને જાણવા મળ્યું કે પ્રાથમિક આરોપી સિરાજ મોહમ્મદ દ્વારા માલેગાંવની નાસિક મર્ચન્ટ કોઓપરેટિવ બેંકમાંથી કથિત રીતે ૧૪ કરોડ રૂપિયા ઉપાડવામાં આવ્યા હતા અને આંગડિયા નેટવર્ક દ્વારા મુંબઈમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ઈડીની ટીમ આંગડિયાઓ દ્વારા પ્રાપ્ત થયેલી અને વિવિધ ઉપનામોના નામો હેઠળ હવાલા ઓપરેટરોના અનેક હાથમાંથી પસાર થયેલી લોન્ડરની રકમના અંતિમ મુકામને ઓળખવા માટે ઘણા દિવસોથી કામ કરી રહી હતી.

# ખ્યાતિ હોસ્પિટલમાં ૩ વર્ષમાં સર્જરી કર્યા બાદ ૧૧૨ દર્દીઓના મોત મામલે SITની રચના કરાશે

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૭

ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડમાં ડોક્ટરોની ટીમે પીએમજેએવાય હેઠળ ૪૫ ટકા સર્જરી કરીને કરોડો રૂપિયાની કમાણી કરી છે. ત્રણ વર્ષમાં સર્જરી કરાવનાર ૧૧૨ દર્દીઓના મોત અંગે ગૃહ વિભાગે બેઠક બોલાવી છે. આ પછી, તબીબી નિષ્ણાતો, ફોરેન્સિક નિષ્ણાતો અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સહિત નિષ્ણાતોની વિશેષ તપાસ ટીમ બનાવવામાં આવશે.




આ મામલે ક્રાઈમ બ્રાન્ચ અને એસઆઈટી વધુ તપાસ કરશે. જો આ તપાસમાં પીએમજેએવાય અને વીમા કંપનીઓની સંડોવણી જણાશે તો વધુ ગુનાઓ નોંધવામાં આવશે. પોલીસ નિષ્ણાતો સાથે તપાસ કરશે, જેથી તેમને સંપૂર્ણ માહિતી મળી શકે કે ડોક્ટરોએ કેટલી સર્જરી કરી અને કયા પ્રકારની. ખ્યાતિ હોસ્પિટલના કાર્તિક પટેલ, ચિરાગ રાજપૂત, ડો.સંજય પટોલિયા, મિલિંદ પટેલ, રાહુલ જૈન સહિતના આરોપીઓનો હેતુ દર્દીઓના બિનજરૂરી ઓપરેશન કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને અન્ય સરકારી યોજનાઓમાંથી કમાણી કરવાનો હતો.

# રાજયમાં ૧૩૩ કરોડ રૂપિયાના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત



ગાંધીનગર,તા.૦૭

ગુજરાત હાઈકોર્ટ ખાતે રાજ્યના ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓને વધુ મજબૂત કરતા નવી ૨૧ કોર્ટ સહિત ૧૩૩ કરોડ રૂપિયાના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું હતું. આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે, 'આજે સોલા ખાતે સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસિલિટી સાથેનું ગુજરાત હાઈકોર્ટનું અદ્યતન ભવન કાર્યરત છે. ન્યાયાલયો, તેની સાથે સંકળાયેલી નવી ઈમારતો કે મકાનો બાંધવા સહિત ન્યાયાધીશો અને કોર્ટ સ્ટાફને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો હંમેશાં પ્રયાસ રહ્યો છે.'સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, 'લોકોને સુશાસનનો પ્રત્યક્ષ અનુભવ થાય તે માટે ઝડપી ન્યાય પ્રાપ્ત થાય એ અતિ આવશ્યક છે. આ માટે રાજ્ય સરકાર ન્યાયતંત્ર અને હાઈકોર્ટની જરૂરિયાત અનુસારના સંસાધનો ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે. આ માટે કાયદા વિભાગના બજેટમાં રાજ્ય સરકારે નાણાકીય ફાળવણી કરી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આ ફાળવણી ૧૬૯૮ કરોડ રૂપિયા હતી, જે ૨૦૨૪-૨૫માં ૨૫૮૬ કરોડ રૂપિયા કરવામાં આવી છે. જે ન્યાયતંત્રની કાર્યક્ષમતા વધારવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ડિજિટલાઈઝેશન અને સુદૃઢ માનવબળ ઉપલબ્ધ કરાવવાનું રાજ્ય સરકારનું કમિટમેન્ટ દર્શાવે છે.'

# અમદાવાદના નરોડામાં પોલીસની પત્નીએ પુત્ર સાથે આપઘાત કર્યો

અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં ચકચાર મચાવતી ઘટના બનવા પામી છે. ડોગ સ્કવૉર્ડમાં ફરજ બજાવતા પોલીસ જવાનની પત્નીએ પુત્ર સાથે આપઘાત કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે.

અમદાવાદ શહેરમાં નરોડા વિસ્તારમાં આવેલા સારથી એપાર્ટમેન્ટમાં રહેતા ડોગ સ્વૉર્ડમાં ફરજ બજાવતા પોલીસ જવાનની



પત્નીએ પુત્ર સાથે જીવન ટૂંકાવતા લોકો સ્તબ્ધ થઈ ગયા છે. પોલીસે આ મામલે ઘટના સ્થળે પહોંચી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ત્યારે પોલીસને માનસિક બીમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ મળ્યું છે. હાલ મળતી માહિતી પ્રમાણે મહિલાના પતિ હિંમતનગર ખાતે પોલીસમાં ફરજ બજાવે છે.

# આજથી રાજયમાં કાતિલ ઠંડીની આગાહી કરતુ હવામાન વિભાગ

અમદાવાદ,તા.૦૭

હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસ માટે હવામાનની આગાહી કરવામાં આવી છે. જે મુજબ આગામી ૭ દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે. આગામી બે દિવસમાં ગુજરાતમાં ૨થી ૪ ડિગ્રી સુધી તાપમાન ઘટવાની શક્યતા છે એટલે કે રાજ્યમાં ઠંડીમાં વધારો થશે. તે તાપમાન ત્યાર પછીના દિવસોમાં એક સમાન રહે તેવી શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે ચાર દિસવથી ઠંડીનું જોર ઘટ્યું હતું. જો કે, હવે



તે આગળ વધીને હિમાલય સુધી પહોંચતાં શનિવારથી અમદાવાદ સહિત રાજ્યમાં ઠંડીનું જોર વધવાની શક્યતા છે. ખાસ કરીને અમદાવાદમાં સોમવાર અને મંગળવારે ઠંડીનો પારો ૧૧ ડિગ્રીથી નીચે જવાની શક્યતા હવામાન નિષ્ણાતે વ્યક્ત કરી છે.

# રાજકોટમાં વધુ એક ડુપ્લીકેટ પોલીસ કર્મી ઝડપાયો


રાજકોટ,તા.૭

રાજકોટમાં વધુ એક ડુપ્લીકેટ પોલીસ કર્મી ઝડપાયો છે. એ ડિવિઝન પોલીસે આ ડુપ્લિકેટ પોલીસને ઝડપી લીધો હતો. આ નકલી પોલીસકર્મીએ એક યુવકને પોતે પોલીસ હોવાની ઓળખ આપીને રૂ.૪૦,૦૦૦ નો તોડ કર્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ અંગે એ ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે તેને ઝડપી લીધો હતો. તપાસમાં આરોપીનું નામ અલ્તાફ ખેરડીયા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે અલ્તાફ ખેરડીયાને સીસીટીવીના આધારે ઝડપી લીધો હતો. ૫ માસ પહેલા કરેલા તોડમાં પોલીસને CCTV ના આધારે મળી સફળતા મળી હતી. વધુ તપાસમાં આરોપીએ હોટલમાંથી રૂપલનાના સાથે નીકળેલા યુવક પાસેથી પોલીસ બની ૪૦ હાજર રૂપિયાનો તોડ કર્યો હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી છે.

# વધુ એક દુષ્કર્મ : બોટાદમાં ધાકધમકી આપી સગીરાને પીંખી નાખતા ફરિયાદ

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૭

મહિલાઓ માટે સુરક્ષીત માનવામાં આવતા ગુજરાતમાં પણ હવે દિવસે દિવસે દુષ્કર્મની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે બોટાદમાં સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદ નોંધાવવામાં આવી છે. અભ્યાસ માટે જતી સગીરાની પાછળ પડી આરોપી સગીરાને હેરાન કરતો હતો. સગીરાને ધાક – ધમકી આપી તેના સાથે દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાવવામાં



આવી છે. સગીરાના પિતાએ ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસની કાર્યવાહી હાથ ધરી છે. જો કે ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર જીગ્નેશ સાગઠીયા નામના યુવાનની પોલીસે અટકાયત કરી છે.

# સુરતમાં ડ્રાઈવરનું સરઘસ કાઢતા ૨૫૦ બીઆરટીએસના ડ્રાઈવરોની હડતાલ

સુરત,તા.૦૭

સુરતના અડાજણ વિસ્તારમાં તારીખ ૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સવારે એક અકસ્માતની ઘટના બની હતી. શ્રીરામ પેટ્રોલ પંપ પાસે એક મોપેડ ચલાવતી મહિલાને બીઆરટીએસ બસના ડ્રાઈવરે અડફેટે લીધી હતી. જેથી આ અકસ્માતની ઘટનામાં મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવને પગલે મૃતક મહિલાના પતિએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જે



ફરિયાદના આધારે પોલીસે બસ ડ્રાઈવરની ધરપકડ કરી હતી. પોલીસે બસ ડ્રાઈવર લાલજી નાગેશ્રીની તાત્કાલિક જ ધરપકડ કરી તેનું સરઘસ કાઢ્યું હતું. ત્યારે બસ ડ્રાઈવર વિરુદ્ધ કાર્યવાહી થતા આજે બીઆરટીએસ બસના ડ્રાઈવરો હડતાલ પર ઉતરી ગયા છે. ૨૫૦ જેટલા ડ્રાઈવરો આજે અચાનક હડતાલ પર ઉતરી જતા બસમાં મુસાફરી કરતા મુસાફરો પરેશાન થયા હતા.













